RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 318* Date: 15.09.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અલીગઢમાં સ્થાપનારી ડીફેન્સ ઈન્ડસ્ટ્રીમાં બનનારા હથિયારો દેશની સુરક્ષા કરશે : પીએમ

## વડાપ્રધાન દ્વારા રાજા મહેન્દ્ર પ્રતાપ યુનિ.નો શિલાન્યાસ



ઉત્તરપ્રદેશ,તા.૧૪

અલીગઢ ખાતે રાજા મહેન્દ્ર પ્રતાપ યુનિવર્સીટીનો શિલાન્યાસ સમયે પીએમ મોદીએ કહ્યુ હતુ કે, એક મુસ્લિમ વેપારી અમારા ગામમાં તાળા વેચવા માટે આવતા હતા અને જે પણ પૈસા તેઓ કમાતા હતા તે મારા પિતાને સાચવવા આપતા હતા. તેઓ જ્યારે યુપી પાછા જતા ત્યારે પૈસા લઈ જતા. યુપીના બે શહેરો અલીગઢ અને સીતાપુર મારા માટે પરિચિત હતા.લોકો પોતાની સુરક્ષા માટે અલીગઢના તાળાના ભરોસે રહેતા હતા. હવે અલીગઢમાં સ્થાપનારી ડીફેન્સ ઈન્ડસ્ટ્રીમાં બનનારા હથિયારો દેશની સુરુક્ષા કરશે. તેમણે કહ્યુ હતુ કે, હું નસીબદાર છું કે મને રાજા મહેન્દ્રપ્રતાપસિંહના નામ પર બનનારી યુનિવર્સિટીનો શિલાયન્સ કરવાનો મોકો મળ્યો છે. અલીગઢ યુનિવર્સિટી માટે પણ રાજા મહેન્દ્રપ્રતાપ સિંહે જમીન આપી હતી.અલીગઢમાં પીએમ મોદીએ રાજા મહેન્દ્રપ્રતાપ સિંહના નામથી બનનારી યુનિવર્સિટીનો આજે શિલાન્યાસ કર્યો તહો. એ પછી પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ૨૦મી સદીમાં થયેલી ભૂલોને ૨૧મી સદીમાં સુધારવામાં આવી રહી છે. રાજા મહેન્દ્રપ્રતાપ સિંહ અને રાજા સુહેલદેવ જેવા નાયકોને ભુલાવી દેવામાં આવ્યા હતા. આજે નવી પેઢીને તેનાથી પરિચિત કરાવવામાં આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, ૨૦૧૭ પહેલા ગરીબોની દરેક યોજનામાં રોડા નાંખવામાં આવતા હતા. એક એક યોજના લાગુ કરવા માટે ડઝન વખત પત્ર લખવા પડતા હતા. યુપીના લોકોને યાદ હશે કે પહેલા કેવા ગોટાળા થતા હતા. આજે યોગી સરકાર ઈમાનદારીથી વિકાસ કરી રહી છે. પીએમ મોદીએ કહ્યુ હતુ કે ,એક સમય એવો હતો જ્યારે ગુંડાઓ, માફિયાઓ શાસન ચલાવતા હતા. આજે ગુંડાઓ અને માફિયાઓ જેલના સળિયા પાછળ છે. પશ્ચિમ યુપીના લોકોને યાદ દેવડાવવા માંગુ છે કે, અહીંના લોકોને ગુંડાઓના ડરથી પોતાની દીકરીઓને સ્કૂલ અને કોલેજ મોકલવામાં પણ ડર લાગતો હતો. લોકો પલાયન કરી રહ્યા હતા. આજે ગુનેગારો કોઈ પણ અપરાધ કરતા સો વખત વિચારે છે. તેમણે કહ્યુ હતુ કે, ડઝનબંધ ડિફેન્સ કંપનીઓ યુપીમાં ફેક્ટરીઓ લગાવવા માટે તૈયાર છે. યુપીમાં દુનિયાભરના રોકાણકારો રોકાણ કરવા આવી રહ્યા છે. યુપીમાં આ પ્રકારનો માહોલ રાજ્ય અને કેન્દ્રમાં ડબલ એન્જિનની સરકારને આભારી છે.

## આ વર્ષે અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનને પાર જવાની શક્યતા

નવી દિલ્હી , તા.૧૪

કૃષિ મંત્રાલય દ્વારા આ મહિનામાં જ ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન કેટલુ થશે તેનું અનુમાન જાહેર કરવામાં આવશે. ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીની માહિતી મુજબ ખરીફ પાકનું ૧૦૯૬.૭૦ લાખ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. જે ગયા વર્ષે આ જ સમય દરમિયાન ૧૧૦૬.૫૭ લાખ હેક્ટર હતું. એટલે કે ૧૦ લાખ હેક્ટરનો ઘટાડો થયો હોવા છતા ઉત્પાદન વધુ થવાની સરકારને આશા છે.

એવા દાવા છે કે આ મહિનાના અંત સુધીમાં આ જે ૧૦ લાખ હેક્ટરનો ગાળો છે તે પુરો થઇ જશે કેમ કે ઘણા વિસ્તારોમાં હજુ પણ વાવેતર ચાલુ છે. તેમણે કહ્યું હતું કે આ વર્ષે અગાઉ કરતા વધુ ઉત્પાદન થવાની અમને આશા છે.

કેટલાક રાજ્યોમાં ખરીફ પાકનું ઉત્પાદન પૂર્ણ થઇ ગયું છે અને રાજ્યોને પાક આવી ગયો હોવાથી તેની ખરીદી કરવાની તૈયારી શરૂ કરી દેવા કેન્દ્ર સરકાર દ્વારા કહેવામાં આવ્યું છે.સરકારને આશા છે કે આ વર્ષની ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનથી પણ વધુ થઇ શકે છે. જે અગાઉની સીઝનમાં ૧૪ કરોડ ટન હતું. કૃષિ સચીવ સંજય અગ્રવાલે કહ્યું હતું કે જુલાઇ-જુન (૨૦૨૧-૨૨) દરમિયાન ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન બધા રેકોર્ડ તોડી નાખે તેવી શક્યતાઓ છે.

અગ્રવાલે કહ્યું હતું કે આ વર્ષે અત્યાર સુધી સૌથી સારો વરસાદ પડયો છે. ગયા વર્ષે કુલ ખરીફ પાકોનું ઉત્પાદન ૧૪ કરોડ ટન હતું. આ વખતની સીઝનમાં કઠોળ, અનાજ, ડાંગર વગેરેનું ઉત્પાદન ગયા વર્ષ કરતા ઘણુ વધારે થવાની આશા છે. તેમણે કહ્યું કે આ વર્ષે ખરીફ સીઝનમાં અનાજનું ઉત્પાદન ૧૫ કરોડ ટનને પાર પહોંચવાની શક્યતાઓ છે.

## WHOએ ભારતને આપી શુભેચ્છા : ૭૫ કરોડ ડોઝ આપ્યા




નવી દિલ્હી , તા.૧૪

કેરળમાં રવિવારે કોરોનાથી ૨૮ હજાર લોકોને સાજા કરી લેવાયા હતા. જે વિસ્તારોમાં હાલ રસી પહોંચાડવામાં મુશ્કેલી આવી રહી છે ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવાની કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલયે મંજૂરી આપી છે. આ મંજૂરી હાલ માત્ર અંદામાન નિકોબાર ટાપુઓ, મણીપુર અને નાગાલેન્ડ માટે અપાઇ છે. જેને પગલે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ (આઇસીએમઆર) ડ્રોનની મદદથી આ વિસ્તારોમાં રસી પહોંચાડી શકશે. લાન્સેટ પત્રિકા દ્વારા જારી એક સ્ટડીમાં દાવો કરાયો છે કે હાલની સ્થિતિ મુજબ લોકોને કોરોનાની રસીનો બુસ્ટર ડોઝ આપવાની જરૂર નથી. કેમ કે જે ડોઝ અપાયો છે તેની ઘણી સારી અસર જોવા મળી રહી છે. રસી હાલ ડેલ્ટા કે આલ્પા વેરિઅન્ટમાં પણ અસરકારક સાબિત થઇ રહી છે એવામાં કોવિન વેક્સિન બૂસ્ટર્સ આપવાની હાલ જરૂર નથી. ભારતે રસીના ૭૫ કરોડ ડોઝ આપી દીધા હોવાથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ શુભેચ્છા પાઠવી હતી.સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ભારતમાં કોરોનાની રસીના અત્યાર સુધીમાં ૭૫ કરોડથી વધુ ડોઝ આપી દેવાયા છે. જે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના બધા જ પુખ્ત વયના લોકોને રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો હોય તેમાં સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ગોવા, દાદરા અને નગર હવેલી, લદાખ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે. જ્યારે બીજી તરફ કોરોનાના નવા ૨૭,૨૫૪ કેસો સામે આવ્યા છે અને ૨૪ કલાકમાં ૨૧૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે એક્ટિવ કેસો ઘટીને ૩.૭૪ લાખે પહોંચ્યા હતા, છેલ્લા ૨૪ કલાકમાં તેમાં ૧૦ હજારથી વધુ કેસોનો ઘટાડો થયો છે. વધુ ૨૧૯ના મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને ૪.૪૨ લાખે પહોંચ્યો છે. છેલ્લા ૭૮ દિવસથી કોરોનાના દૈનિક કેસ ૫૦ હજારની નીચે રહ્યા છે. રવિવારે કોરોનાના ૧૨ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેને પગલે કુલ ટેસ્ટનો આંકડો ૫૪.૩૦ કરોડને પાર પહોંચ્યો હતો. જે નવા ૨૭ હજારથી વધુ કેસો સામે આવ્યા છે તેમાં માત્ર કેળના જ ૧૫ હજાર કેસો છે જ્યારે રાજ્યમાં વધુ ૯૯ લોકોનો કોરોનાએ ભોગ લીધો છે. જ્યારે કેરળમાં કોરોનાના કુલ કેસ ૪૪ લાખની નજીક પહોંચી ગયા છે અને મૃત્યુઆંક ૨૨ હજારને પાર જતો રહ્યો છે.


## સાઉદી અરબના વિદેશ મંત્રી આવશે ભારત પીએમ મોદી સાથે મુલાકાતના ભણકારા...

રિયાધ, તા.૧૪

કાબુલ એરપોર્ટ પર હુમલા દરમિયાન આઈએસઆઈએલ તત્વોનુ સમર્થન કરવામાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની કથિત ભૂમિકા હતી. ઈરાનના ન્યુઝે દાવો કર્યો કે રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વિપક્ષી અથવા પ્રતિદ્વંદી અનુસાર બિન સલમાનના કાર્યાલયો અને મંત્રાલયોમાં સાઉદી સરકારના નજીકના સૂત્રોએ કાબુલ એરપોર્ટ પર બોમ્બ બ્લાસ્ટમાં આઈએસઆઈએલ આતંકવાદી સમૂહ માટે સાઉદી ક્રાઉન પ્રિન્સના સમર્થનની પુષ્ટિ કરી છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે બિન સલમાને એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે તાલિબાન અફઘાન લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં અસમર્થ છે અને એ સાબિત કરે છે કે તાલિબાન હેઠળ, અફઘાનિસ્તાન આતંકવાદનુ કેન્દ્ર હશે.સાઉદી અરબના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સાઉદ આ અઠવાડિયે ભારત આવી શકે છે. વિદેશ મંત્રી તરીકે તેમની પહેલી ભારત યાત્રા હશે. બંને દેશો વચ્ચે અફઘાનિસ્તાન અને તાલિબાનના મુદ્દે વાતચીત થવી સંભવ છે. સાઉદી અરબે હાલ અફઘાન સ્થિતિ પર મૌન તોડ્યુ છે. તેમણે તાલિબાનની સાથે જોડવા માટે કોઈ જલ્દબાજી કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩ સપ્ટેમ્બરે ટેલિફોન પર ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે અફઘાનિસ્તાનની સ્થિતિ પર ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી એસ જયશંકરે ૩૦ ઓગસ્ટે સંયુક્ત અરબ અમીરાતના રાષ્ટ્રપતિ રાજદ્વારી સલાહકાર ડૉ. અનવર ગર્ગશની મેજબાની કરી હતી. આ સંદર્ભમાં સાઉદી વિદેશ મંત્રીનો ૧૯ સપ્ટેમ્બરે ભારત આવવાનો કાર્યક્રમ છે. પ્રિન્સ ફૈઝલ બિન ભારતીય વિદેશ મંત્રી જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને વડા પ્રધાન મોદી સાથે મુલાકાત કરી શકે છે. અગાઉ એસ જયશંકર યુએનજીએ અને ક્વાડ શિખર સંમેલન માટે ન્યુયોર્ક રવાના થશે.

## વડાપ્રધાન વિશ્વ મંચ પર હિન્દીમાં બોલે તો આપણે શરમ શેની : અમિત શાહ



નવી દિલ્હી , તા.૧૪

હિન્દી દિવસ પર દેશવાસીઓને અભિનંદન આપતા અમિત શાહે ટ્વિટ કર્યું, 'હિન્દી દિવસના અવસર પર, હું તમામ દેશવાસીઓને વિનંતી કરું છું કે તેઓ રોજબરોજની જિંદગીમાં તેમની માતૃભાષાની સાથે હિન્દીનો પણ ઉપીયોગ કરે. માતૃ ભાષા અને રાષ્ટ્રીય ભાષાના સમન્વયમાં જ દેશની પ્રગતિ સમાયેલી છે.દેશમાં દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દ દિવસ મનાવવામાં આવે છે. હિન્દી વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે. હિન્દી દિવસ નિમિત્તે જ્ જ્ઞાન ભવનમાં હિન્દી દિવસ સમારોહ અને ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૃહમંત્રી અમિત શાહે અધ્યક્ષતા કરી હતી.

આ પ્રસંગે હિન્દી વિશે બોલતા અમિત શાહે કહ્યું કે, 'જો આપણા વડા પ્રધાન આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી બોલી શકે છે તો આપણને શેની શરમ છે? અમિત શાહે કહ્યું, 'આત્મનિર્ભર બનવુંએ માત્ર દેશમાં ઉત્પાદન કરવા માટે જ નથી, આપણે ભાષાઓ સાથે પણ આત્મનિર્ભર બનવું પડશે. જો પીએમ આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી બોલી શકે છે, તો આપણે શેની શરમ આવે છે? તે દિવસો ગયા જયારે હિન્દી બોલવું એક ચિંતાનો વિષય હતો.

### ભારતીયોને નજીકના ભવિષ્યમાં ગ્રીનકાર્ડ મળી જાય તેવી શક્યતા

## અમેરિકામાં ગ્રીન કાર્ડ આપવા માટે ખરડો રજૂ કરાયો

વોશિંગ્ટન , તા.૧૪

અમેરિકાના નાગરિક દ્વારા સ્પોન્સર કરાયેલા ફેમિલી આધારિત ઈમિગ્રન્ટે ગ્રીનકાર્ડ માટે બે વર્ષ કે તે પહેલાં અરજી કરી હશે તેઓને ૨૫૦૦ ડોલરની પૂરક ફી ભરવાની રહેશે જયારે જે અરજદારની પ્રાયોરિટી (અગ્રીમતા) તારીખ બે વર્ષની સમય મર્યાદામાં ન હોય પરંતુ તેને અમેરિકામાં હાજર હોવુ ફરયિયાત હોય તો તેઓને ૧૫૦૦ ડોલરની પૂરક ફી ભરવાની રહેશે. આ દરખાસ્ત કાયદાનું સ્વરૂપ લેશે તો બાળક તરીકે અમેરિકામાં પ્રવેશેલા, ખેતરોમાં કામ કરવા આવેલા વિદેશી, કોરોના મહામારીમાં આવશ્યક કર્મચારી તરીકે આવેલા લોકો પણ ગ્રીનકાર્ડ મેળવવા માટે અરજી કરવાને પાદ્દ બનશે.

અલબત્ત આ દરખાસ્ત કાયદાનું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં તેને જ્યુડિશિયરી કમિટિમાંથી પસાર થવાનું રહેશ, ત્યારબાદ પ્રતિનિધિ સભા અને બાદમાં સેનેટ, અર્થાત અમેરિકાની કોંગ્રેસ (સંસદ)ના બંને ગૃહોમાં બહુમતીથી પસાર થાય અને છેલ્લે રાષ્ટ્રપતિ તેના ઉપર હસ્તાક્ષર કરે ત્યારે તે કાયદો બનશે.

અલબત્ત બાઈડેન સરકાર આ દરખાસ્તનમે કાયદાનું સ્વરૂપ આપવાનું વલણ ધરાવતી હોવાથી તે કાયદો બને એવા તમામ સંજોગો ઉજળા દેખાઇ રહ્યા છે.છેલ્લા ઘણા વર્ષોથી અમેરિકાનું ગ્રીનકાર્ડ મેળવવા ઝંડી રહેલા ભારતીયોને નજીકના ભવિષ્યમાં ગ્રીનકાર્ડ મળી જાય તેવી શક્યતા ઉભી થઇ છે. એમ્પ્લોઇમેન્ટ આધારિત ગ્રીનકાર્ડ મેળવવા માટે જે લોકોની અરજીઓ જૂના બેકલોગમાં ફસાઇ ગઇ છે તેઓને ૧૦૦ ડોલરથી માંડીને ૫૦૦૦ ડોલર સુધીની પૂરક ફી ભરીને સરકાર ગ્રીનકાર્ડ આપવા વિચારી રહી છે. આ અંગેનો ખરડો અમેરિકાની સંસદમાં દાખલ કરવાના ચક્રો પણ ગતિમાન થઇ ગયા છે. જો આ ખરડો કોંગ્રેસના બંને ગૃહોમાં પસાર થઇ જાય અને કાયદો બની જાય તો એમ્પ્લોઇમેન્ટ આધારિત વર્ક પરમીટ ધરાવનારા હજારો વિદેશીઓ અને ભારતીયોને ગ્રીનકાર્ડ મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે અમેરિકામા મોટા ભાગના આઇટી પ્રોફેશ્નલ એમ્પ્લોઈમેન્ટ આધારિત વર્ક પરમીટ લઇને બાદમાં ગ્રીનકાર્ડ માટે અરજી કરતાં હોય છે, પરંતુ આ કેટેગરીમાં ગ્રીનકાર્ડ કરનારા લોકોની સંખ્યા એટલી હદે વધી ગઇ છે કે અરજીઓનો બેકલોગ ખુબ મોટો થઇ ગયો છે, તેથી સરકાર પૂરક ફી લઇને ગ્રીનકાર્ડ આપવાની દિશામાં આગળ વધી રહી છે.

## ૨૦૧૯થી બંધ જેટ એરવેઝની ફ્લાઈટો ફરી શરૂ

દિલ્હી, તા.૧૪

જેટ એરવેઝના સીઈઓ કેપ્ટન સુધીર ગૌડ છે. તેમણે કહ્યુ કે નાણાકીય વર્ષ ૨૦૨૨ સુધી તમામ કેટેગરીમાં ૧૦૦૦થી વધુ કર્મચારીઓની ભરતી શરૂ કરાશે. અમે પહેલાથી ૧૫૦થી વધુ ફુલટાઇમ કર્મચારીઓની નિમણૂક કરી પણ લીધી છે.

એપ્રિલ ૨૦૧૯થી બંધ જેટ એરવેઝની ફ્લાઈટો ફરી શરૂ થવાની છે. આશરે ૩ વર્ષ સુધી થંભી રહ્યા બાદ એરલાઇન્સ ૨૦૨૨ના પ્રથમ ત્રિમાસિકથી તેની ડોમેસ્ટિક ફ્લાઈટોનું સંચાલન શરૂ કરશે. તેના પછી આગામી નાણાકીય વર્ષના અંત સુધીમાં આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો શરૂ કરશે.

કાર્લરૉક જાલાન કન્સોર્ટિયમના સભ્ય મુરારી લાલ જાલાને સોમવારે આ માહિતી આપતાં કહ્યું કે પ્રથમ ફ્લાઈટ દિલ્હી-મુંબઈ વચ્ચે ઉડાન ભરશે. ૩ વર્ષમાં ૫૦થી વધુ અને ૫ વર્ષમાં ૧૦૦થી વધુ વિમાનોની ફ્લિટ તૈયાર કરવાની છે.

## તામિલનાડુ વિધાનસભામાં નીટની પરીક્ષા રદ કરતો ખરડો પસાર

ચેન્નાઇ , તા.૧૪

તમિલનાડુ વિધાનસભામાં રાજયના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને પોતે જ આ ખરડો ગૃહમાં દાખલ કર્યો હતો જેને મુખ્ય વિરઓધપક્ષ એવા ઓલ ઈનિડયા અન્ના ડીએમકે(એઆઇએડીએમકે) તથા પીએમકે જેના તેના સહયોગી પક્ષ, ઉપરાંત કોંગ્રેસે ટેકો આપ્યો હતો.

આ ખરડામાં દાખલ કરેલી નવી જોગવાઇ અનુસાર મેડિકલ, ડેન્ટલ, ઈનિડયન મેડિસિન અને હોમિયોપેથી જેવા તમામ અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે હવેથી ફક્ત ધો-૧૨ની વાર્ષિક પરીક્ષાના ગુણ જ ધ્યાનમાં લેવામાં આવશે. જો કે સરકારની આ દરખાસ્તનો વિરોધ કરતાં ભાજપે ગૃહમાંથી વોકઆઉટ કરવાનું પસંદ કર્યું હતું. નિવૃત્ત જજ એ.કે રાજનના અધ્યક્ષપદે રચાયેલી ઉચ્ચ-સ્તરીય કમિટિએ કરેલી ભલામણોને ધ્યાનમાં લઇને મુખ્યમંત્રી સ્ટાલિને આ ખરડો ગૃહમાં દાખલ કર્યો હતો. કમિટિએ ગત જુલાઇમાં જ તેનો અહેવાલ સરકારને સુપરત કરી દીધો હતો. મદ્રાસ હાઇકોર્ટના નિવૃત્ત જજ રાજને કહ્યું હતું કે કમિટિની પાસે સમાજના જુદા જુદા વર્ગો તરફથી ૮૬૦૦૦ જેટલી રજૂઆત આવી હતી. આ તમામ રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ અહેવાલ તૈયાર કરાયો હતો. આ રજૂઆતો પૈકી મોટાભાગની રજૂઆતોમાં નીટની પરીક્ષા રદ કરી દેવાની જ માંગણી અને રજૂઆત હતી.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

### કોરોના કાળમાં ગંભીર અસર થઈ બાળકોના ભણતર પર : પરંતુ ચર્ચા ક્યાં......?

કોરોના વાયરસ નહી ધારેલી કેમ નહી કલ્પેલી મહામારી બની રહેવા પામી છે. જેના પર હરકોઈનું નિયંત્રણ ઓછું રહ્યુ હતું. જેમા માનવી હોય કે પછી સરકાર... લાખોના મૃત્યુ થયા. તો સરકારી તંત્ર પણ દોડતું રહ્યું છતાં ક્યાંક ને ક્યાંક સ્વાસ્થ્ય સેવાઓની અછત તેમજ ઉણપો સ્પષ્ટ બહાર દેખાઈ ગઈ. જોકે ભારતજ એક એવો દેશ રહ્યો કે જેને કોરોના સાકળ તોડવા લોકડાઉન લાગુ કરી દીધું જેના કારણે કોરોના કેસો ઓછા બન્યા.... જોકે કોરોના વાયરસ ફેલાવાને અટકાવવામાં ભારત નબળું પડ્યું પરંતુ કોરોના કેસો રિકવરી કરવામાં આગળ રહ્યુ. સરકારે અનાજ સહિતની સહાય કરી પરંતુ ગરીબોને પુરતી .સહાય નથી પહોંચી તે પણ હકીકત છે. સરકારે ઔધોગિક ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં આર્થિક લાભો આપ્યા તેમજ વિવિધ ક્ષેત્રોને ધધમતા કરવા, ગતિ આપવા સરકારી વિવિધ સહાય માટેની યોજનાઓ જાહેર કરી તથા અનેકોને સહાય પુરી પાડી જેમા ઉધોગ ક્ષેત્રે રોકડ-માફી સહિતના લાભ આપ્યા. તો કેટલાક ક્ષેત્રોમાં માફી પણ અપાઈ પરંતુ મધ્યમ વર્ગ, મજૂર વર્ગ કે ગરીબોને બેઠા કરવા કોઈ આર્થિક સહાય આપવાથી સરકાર દૂર રહી હતી. કોરોનાની સૌથી મોટી ગંભીર અસર શિક્ષણ ક્ષેત્રે થવા પામી છે જેમાં બાળકોનું ભવિષ્ય ધુધળુ બની જાય તેવી સ્થિતી હતી બાળકોના વાલીઓ અને મા-બાપ પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. છતાં આ બાબતે રાજકીય ક્ષેત્રે કે રાજકીય પંડિતોમા કોઈ જાહેર ચર્ચા કરી નથી. જો કે સરકારને બાળકોના ભવિષ્યની ચિંતા હોઈ શાળાઓ ખોલવા તૈયાર ન હતી. સરકાર બાળકોની જિંદગી હોડમા મૂકવા માંગતી ન હતી. જે કારણે ૧૮ મહિના સુધી શાળા કાર્ય સ્થગીત રહ્યા હતા. અને શાળા બંધ રાખવાનાં કારણોમાં મહારાષ્ટ્રમાં શાળા ખુલ્યા બાદ બાળકો કોરોનાનો ભોગ બન્યા, કર્ણાટકમાં ૩૦૦ થી વધુ શાળા બાળકો કોરોનાની ચપેટમાં આવી ગયા, ગુજરાતમાં પણ ડીસાની શાળાના વિદ્યાર્થી કોરોના ચપેટમાં આવી ગયા હતા તેમજ અન્ય સાતેક ગામની શાળામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળાનો સ્ટાફ કોરોના ચપેટમાં આવી ગયો હતો.....!

કોરોના વાયરસ ફેલાવાના શરૂઆતના તબક્કે બાળકોને શાળાએ નહિ મોકલવાની વાલીઓમાં ચિંતા નહીવત હતી, પરંતુ શાળાઓનો નહીં ખોલવાનો નિર્ણય લંબાવતા જતા વાલીઓ સાથે વિદ્યાર્થીઓ પણ ચિંતામાં મુકાઈ ગયા. જેથી સરકારે ઓનલાઇન શિક્ષણ શરૂ કર્યું.પરંતુ સ્માર્ટફોન કેટલા વિદ્યાર્થી પાસે હોય.....? શહેરોમાં ૫૦% થી વધુ વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોન હતા જ નહીં, જ્યારે કે ગામડાઓની પરિસ્થિતિ વિપરીત હતી એક તો વીજળીના ઠેકાણા નહી, બીજી તરફ ઇન્ટરનેટ પકડાય નહી પછી ભણે તો શું ભણે.....? છતાંય અનેક વિદ્યાર્થીઓ કે જેઓ હોશિયાર કે સ્કીલ્ડ ગણાતા હતા તેમના સ્કિલ્ડપણામા ઊણપ આવી ગઈ હતી. તો અનેકોને ઓનલાઇન ભણતરનો લાભ જ મળ્યો નથી. મતલબ કોરોનાએ ભણતર ક્ષેત્રે બહુ મોટું નુકસાન કર્યું છે.....જો કે હવે તો શાળાઓ ખૂલી ગઈ છે જેની ખુશી વિદ્યાર્થીઓના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ આવે છે. ઉપરાંત રુબરૂ શિક્ષણ મોટી અસર કરે છે. બાળકોના જે તે શિક્ષણના પ્રશ્નોનો ઉકેલ શિક્ષક પાસેથી ઝડપથી મેળવી શકે છે. જેનો ઓનલ:ઈન અભ્યાસમા અભાવ હતો.જોકે શિક્ષણ બાબતે જાહેર ક્ષેત્રે કે પંડિતોએ કદી ચર્ચા કરી નથી તે પણ હકીકત છે......!

વંદે માતરમ્

## બગોદરા-ધંધુકા હાઈવે પર અકસ્માતમાં ૪ બહેનોનાં મોત

બગોદરા , તા.૦૧૪

ધંધુકા-બગોદરા હાઈવે અકસ્માત ઝોન બની ગયો હોય તેમ આજે વહેલી સવારના સુમારે સર્જાયેલી ઘટનામાં ચાર બહેનો કાળનો કોળિયો બન્યા હતા. આ અગાઉ એક સપ્તાહ પૂર્વે પણ ધંધુકા-બગોદરા હાઈવે પરના ખડોળના પાટિયા પાસે ખાનગી બસ પલટી મારી ગઈ હતી. જે બનાવમાં ૩૫ જણ ઈજાગ્રસ્ત થયા હતા.અમદાવાદથી સાળંગપુર આવી રહેલા સત્સંગ મંડળના બહેનોની ઈકો ગાડી વરસાદી વાતાવરણ અને ચાલકને બેદરકારીને કારણે ધડાકાભેર ટ્રકની ઘૂસી ગઈ હતી. આ અકસ્માત એટલો ગમખ્વાર હતો કે, ઈકોની અંદર ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે પતરા કાપવા પડયાં હતા. આ દ્રશ્યો જોઈ પ્રત્યક્ષદર્શીઓના કાળજા કાંપી ઉઠયાં હતા.'ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે ?...' સ્વામિનારાયણ સંપ્રદાયના સંત મહંત સ્વામી મહારાજજીના જન્મદિવસ નિમિત્તે અમદાવાદથી સાળંગપુર આવી રહેલા સત્સંગ મંડળના બહેનોને ધંધુકા-બગોદરા હાઈવે પર હરીપુરના પાટિયા નજીક ગોઝારો અકસ્માત નડતા ચાર બહેનોના ઘટના સ્થળ પર જ મૃત્યુ થયા હતા. જ્યારે ચાર મહિલા અને ઈકોના ચાલકને નાની-મોટી ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદથી ઈકો કાર નં.જીજે.૦૧.કેયુ.૯૭૩૮માં મધરાત્રિના બે કલાકે સત્સંગ મંડળના આઠ બહેનો મહંત સ્વામી મહારાજના જન્મદિવસના અવસર નિમિત્તે સાળંગપુર ખાતે આવવા નીકળ્યા હતા. ત્યારે ભાંગતી રાત્રે ૪.૩૦ કલાકના અરસામાં ઈકો ગાડી ધંધુકા-બોગદરા હાઈવે પર હરીપુરના પાટિયા પાસે પહોંચતા ઈકોના ચાલક ચંદ્રકાંત બાબુભાઈ રાઠોડએ પૂરપાટ અને ગફતભરી રીતે ગાડી ચલાવી રોડની સાઈડમાં બંધ હાલતમાં પડેલા ટ્રક નં.જીજે.૧૭.વાય.૯૭૦૪ની પાછળ ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો.જે બનાવમાં ઈકો કાર ટ્રકની પાછળ ઘૂસી જતાં ચાર હરિભક્ત મહિલાઓ શિલ્પાબેન દિનેશભાઈ રાઠોડ, પાયલબેન જીજ્ઞોશભાઈ પટેલ, ચેતનાબેન રાજેશકુમાર મોદી (રહે, ત્રણેય ઘાટલોડિયા, અમદાવાદ) અને ભાવનાબેન બીપીનભાઈ ગજ્જર (રહે, ગાંધીનગર)ને ગંભીર ઈજા થતાં ચારેય બહેનોનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. જ્યારે ઈકોના ચાલક ચંદ્રકાંત રાઠોડ અને અન્ય ચાર બહેનો અવનીબેન, ભાવનાબેન રાઠોડ, સુહાશબેન બારોટ અને કોકીલાબેન પટેલને નાની-મોટી ગંભીર ઈજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# કેન્દ્રનાં નેતાને સોંપાઈ મોટી જવાબદારી : ગુજરાતમાં મંત્રીમંડળ માટે હલચલ તેજ

ગાંધીનગર , તા.૧૪

ગુજરાતમાં આગામી બે દિવસમાં નવું મંત્રીમંડળ તૈયાર થઈ જાય તેવી શક્યતા છે ત્યારે રાજ્યનાં ૨૦થી ૨૫ ધારાસભ્યોને મંત્રી બનાવાય તેવી શક્યતા છે. ભારતીય જનતા પાર્ટીનાં ટોચના નેતાઓ મંત્રીઓની યાદી તૈયાર કરી રહ્યા છે ત્યારે ભૂપેન્દ્ર પટેલની ટીમમાં તમામ જ્ઞાતિઓને સમાવાઈ લેવાય તે પ્રકારે ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવશે.

ભાજપમાં મંત્રીમંડળ માટે ખૂબ હલચલ તેજ છે ત્યારે ભાજપ પ્રદેશ પ્રમુખ પાટીલના નિવાસ સ્થાને નેતાઓ પહોંચી રહ્યા છે. આજે મોહન ધોડિયા, અરૂણસિંહ રાણા, રાજેન્દ્રસિંહ ચાવડા, પિયુષ દેસાઈ એમ ચાર ધારાસભ્યો પાટીલના ઘરે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી બન્યા બાદ ભૂપેન્દ્ર પટેલ એક્શન મોડમાં છે, એક તરફ સૌરાષ્ટ્રમાં ભારે વરસાદનાં કારણે પૂર આવ્યું છે ત્યાં બીજી તરફ રાજયને નવું મંત્રીમંડળ આપવાનું છે ત્યારે આજે ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળી હતી જેમા આગામી મંત્રીમંડળને લઈને ચર્ચા કરવામાં આવી છે. બેઠક બાદ ભૂપેન્દ્ર પટેલ સૌરાષ્ટ્રનાં જિલ્લાઓમાં પૂર બાદ હવાઈ નિરીક્ષણ કરવા માટે રવાના થવાના છે.

ભારતીય જનતા પાર્ટી બેથી ત્રણ દિવસમાં રાજયને મંત્રીમંડળ આપવા માટે તૈયારીમાં છે ત્યારે બધા જ ધારાસભ્યોને ગાંધીનગર ન છોડવાના આદેશ આપવામાં આવ્યા છે. ભાજપનાં તમામ ધારાસભ્યોને ટેલિફોનિક સૂચના આપીને ૧૫ સપ્ટેમ્બર સુધી ગાંધીનગરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું છે ત્યારે ૧૬ તારીખે શપથવિધિ યોજાય તેવી શક્યતા છે જેમા ૭ જૂના મંત્રીઓને પડતાં મૂકવામાં આવે તેવી શક્યતા છે.

ગુજરાતમાં મંત્રીમંડળને લઈને મોટા સમાચાર સામે આવી રહી છે કે આગામી મંત્રીમંડળને લઈને પીએમ મોદી અને અમિત શાહ ખાસ વિશ્વાસુ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને જ સમગ્ર જવાબદારી સોંપવામાં આવી છે. ભૂપેન્દ્ર યાદવને ગુજરાતમાં બહોળો અનુભવ છે ત્યારે યાદવ આગામી મંત્રીમંડળ રચાય તેની સમગ્ર કામગીરી જોશે. આ પહેલા ગઈકાલે મોડીરાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બી એલ સંતોષ સાથે બેઠક કરી હતી અને તે બાદ ભૂપેન્દ્ર યાદવને જવાબદારી સોંપીને તેઓ દિલ્હી જવા રવાના થયા હતા.

## સુરેન્દ્રનગરના વેળાવદર ગામે વીજળી પડતા ૭ પશુઓના મોત

ગાંધીનગર ,તા.૧૪

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે તેવા સમયે વઢવાણ તાલુકાના વેળાવદર ગામમાં વરસાદી વાતાવરણ વચ્ચે વીજળી પડી છે જેમાં સાત પશુઓનાં મોત નિપજ્યા છે ૩ ભેંસ ૫ ગાયું ૨ વાછરડાના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા કારણ કે આ વીજળી પડી હતી તે સીધી પશુ બાંધેલા વાળા ઉપર જ પડી હતી તેને લઈને અન્ય કોઈ જાનહાની ન થઈ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. એક જ પશુ પાલકના સાત જેટલા પશુઓના વીજળી પડવાના કારણે આગામી દિવસમાં તપાસ કામગીરી હાથ ધરવી અને જે આ પશુપાલકના પશુઓ વીજળી પડવાના કારણે મોતને ભેટ્યા છે તે પશુપાલકને યોગ્ય વળતર સરકાર દ્વારા ચૂકવવામાં આવે તેવી માંગણી ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. વઢવાણ તાલુકાના વેળાવદર ગામ એ પણ સારો એવો વરસાદ ખાબકવા પામ્યો છે ત્યારે રાત્રિ દરમિયાન વીજળી ના કડાકા સાથે વરસાદના પગલે સાર્વત્રિક મેઘમહેર વેળાવદર ગામમાં પણ યથાવત રહેવા પામી છે તેવા સંજોગોમાં વરસાદી વાતાવરણ વચ્ચે વેળાવદર ગામમાં વીજળી પડતાં સાત પશુઓનાં ઘટનાસ્થળેસાત પશુઓનાં ઘટનાસ્થળે કે જ્યાં વાડામાં બાંધેલા હતા તે સ્થળે જ મોત નિપજવા પામ્યું છે.

## પશ્ચિમ રેલ્વે દ્વારા મેમુ અને ડેમુ ટ્રેનોમાં અપડાઉન કરતા મુસાફરોને વિશેષ લાભ મળશે

અમદાવાદ,તા.૧૪

વડોદરાથી સુરત સુધી નોકરી કે ધંધા અર્થે જવાના રોજના રૂ ૨૦૦ કે તેથી વધુખર્ચ થતો હતો. પરંતુ હવે રૂ ૪૦૦ના પાસમાં આખો મહિનો મેમુ કે ડેમુમાં મુસાફરી કરી શકશે. પશ્ચિમ રેલવે દ્વારા જે મેમુ - ડેમુમાં પાસ હોલ્ડર્સને મંજુરી આપવામાં આવી છે, તે ટ્રેનમાં વડોદરા-અમદાવાદ (મેમુ) સુરત-વડોદરા (મેમુ) ભરૂચ-સુરત (મેમુ) વડોદરા-સુરત (મેમુ)વડોદરા-અમદાવાદ (પેસેન્જર) વડોદરા-દાહોદ (મેમુ) આણંદ-ખંભાત (ડેમુ) ખંભાત-આણંદ(ડેમુ) ભરૂચ-સુરત (મેમુ)ના બન્ને તરફના ફેરા મળી ૧૬ ટ્રેનમાં મુસાફરી કરી શકાશે. જોકે તે દરમિયાન કોરોનાના પ્રોટોકોલનુ પાલન કરવુ પડશે પાસધારકોને મેમુ-ડેમુમાં તા. ૧૫મી સપ્ટેમ્બરથી મુસાફરી કરવાની છુટ આપવામાં આવી છે. આ નિર્ણયને પાસધારક એસોસિએશન આવકારી છે. આ નિર્ણયથી નોકરીયાતોને આર્થિક ફાયદો થશે અને સુરક્ષિત મુસાફરી મળશે તેનો આનંદ વ્યકત કર્યો હતો. વેસ્ટર્ન રેલવે પેસેન્જર અને પાસ હોલ્ડર્સ વેલ્ફેર એસોશીયેશનના પ્રમુખ મહંમદ હબીબ લોખંડવાલાએ હવે પછી એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરીની છુટ આપવામાં આવે તેની માંગણી કરી છે. પશ્ચિમ રેલવે દ્વારા તા.૧૫મી સપ્ટેમ્બરથી ૧૬ મેમુ-ડેમુ ટ્રેનમાં પાસ હોલ્ડર્સને મુસાફરી કરવાની છુટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે દ્વારા લેવામાં આવેલા ઉપરોકત નિર્ણયથી વડોદરા -અમદાવાદ સુધી અને વડોદરાથી સુરત સુધીને અપડાઉન કરતા ૩૫૦૦૦ ઉપરાંત મુસાફરોને તેનો લાભ મળશે. કોરોનાના લીધે મેમુ અને ડેમુ ટ્રેન બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ મેમુ-ડેમુ ટ્રેન ચાલુ કરવામાં આવી હતી. પરંતુ તેમા પાસ હોલ્ડર્સને પ્રવેશ આપવામાં આવતો નહોતો. પાસ હોલ્ડર્સને આથી ખુબજ આર્થિક બોજ પડતો હતો. વડોદરાથી અમદાવાદ બાય રોડ જવાના રોજના રૂ ૨૦૦ જેટલો ખર્ચ થતો હતો. પરંતુ હવે માત્ર રૂ ૪૫૦ના પાસમાં એક મહિનો સુધીને મુસાફરી કરી શકાશે. ઓછા પગારવાળાએ અપડાઉનમાં ટ્રાવેલીગમાં થતા ખર્ચના લીધે નોકરી પણ છોડી દીધી હતી. પરંતુ હવે તે સમસ્યા પણ ઉકેલાઇ જશે.

# રૂપાણીજીની ખુરસી અને એક રાજકીય NPA -મોદીજીને માસ્ટર સ્ટ્રોક

લંડનથી પત્ર: FROM WHERE I SEE બુદ્ધદેવ પંડ્યા

૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ને શુભ દિવસે ભારતના સમ્રાટે ગુજરાતમાં તેમનો દીવાન બદલી લોકો ઉપર ઉપકાર કર્યો છે એ વાતની જાહેરમાં એલાન થતાં ભાજપના સત્સંગીઓમાં એક નવા ઉત્સાહની ઝલક જોવા મળી છે. બિચારા શ્રી નીતીશભાઈ પટેલ ને હજુ પણ સમાજ નથી પડતી કે સમ્રાટ ના દરબારમાં તેમની કિંમત કેટલી છે? પટેલ કોમને હાથમાં લેવા એક પટેલ ને બીજા સામે ઉભા કરવાની રાજકીય કળા તો અહિયાંથી જ શીખવા મળશે.

શ્રી રૂપાણીજી ને તો ભલે કોઈ રાજકીય નાદાનીમાં ગણે પણ એટલું તો તે સમજે છે કે બહુ માથવામાં કોઈ માલા નથી અને કેશુભાઈ ની જેવી હાલત થઇ જાય તેના કરતાં માથું નમાવી મહાસમ્રાટ નો આદેશ માથા પાર ચઢવી દેવામાંજ માલ છે. આજે લાલ બત્તી ઉતારવામાંજ માલ છે. છેવટે તો દયા ખાઈને પણ જહાઁપના કોઈ રાજ્યનો ગવર્નર બનીવી દેશે તો પાછલી બચીખુંચી રાજકીય જિંદગી તરી જશે!

કોન્ગ્રેસ ના મહારથીઓને ખુશ થઈ ને ગોળ ખવડાવવો સમય નથી. કારણકે આ તો જહાઁપના અને તેમના ચાણક્યનો એક મોટો રાજકીય ખેલ છે. એક કાંકરે બે પક્ષીઓ માર્યા ગણાય. રૂપાણીને ખસેડી ને તેમણે રાજકીય ચાલાકી કરી છે. જેમ બેંકોમાં દ્બછ - નોન પરફોર્મિંગ એસેટ જેમાંથી કશું ઉપજવાની આશા જ ન હોઈ તેને ચોપડા ઉપર એક ખૂણામાં નાખી દે તેમ આ એક રાજકીય NPA નો ચીલો ચાલુ રાખ્યો છે. શ્રી અડવાણીજી અને શ્રી જોશીજી ને પણ આ જ બોક્ષ માં મૂકી દીધાંછે. રૂપાણી સાહેબના નસીબ અને ગુલામીનો ઇતિહાસ સારો હશે તો કોઈ જગ્યાએ તેમને ગવર્નર ની પાદવી આપી 'રબર સ્ટેમ્પ' ની જગ્યા મળી જાય તો લાકડી તૂટે પણ નહિ અને સાપ મરે પણ નહિ. બીજો ફાયદો એકે શ્રી નીતિનભાઈ પટેલ નું ભર બજારમાં નાક કાપી સમજાવ્યા કે પટેલ કોમના નામે બહુ થનગની રહેવામાં કોઈ માલ નથી અને ભુપેન્દ્રભાઈને સીએમ ની ખુરસીમાં બેસાડી તેમની હેસિયત દેખાડી દીધી છે. પણ ગુજરાતીમાં એક કેહવત હતી, કે મિયાં પડે પણ તંગડી ઉંચીને ઉંચી રાખે'. એમ બિચાર નીતિનભાઈને થપ્પડ મારી ગાલ લાલા રાખવો પડે જ છૂટકો છે.


કોંગ્રેસના નેતાઓને હજુ આ ક્રોનોલોજિ બહુ સમાજ પડતી લગતી નથી. આ પટેલ કોમને 'પાટીદાર અંદોલન' દરમયાન હાડકાં ખોખરા થાય તેવો માર માર્યો હતો અને ધંધા રોજગાર ઠપ્પ થતા હોવા મહારાજની જય જય કાર કરવાની ગુલામીની આદત ગઈ ચૂંટણીમાં ગઈ ન હતી, તો હવે તે કોમ ભુપેન્દ્રભાઈ ની પાછળ સંઘ અને સખાઓમાંથી પ્રચારોકોના સંદેશો મળતાંજ ઊભ ના થઈ જાય તેની શંકા કરી કે? નીતિનભાઈ કે પછી રૂપાણીજી કે પછી ભુપેન્દ્રભાઈ હોય, જો હાઈ કમાન્ડ સામે જરાપણ માથું ઉંચુ કરે તો નાગપુરથી લાલ આંખનો સંદેશોજ તેમને બધાને મસ્તક નામાવાવ પૂરતો હોય છે! હવે આજકાલ ભલે ચીફ મિનિસ્ટર હોઈ કે ગવર્નર હોય તેમની દશા જો આમ જોવ અજાવ તો ઘાંચીના ઘાણી ના બળધિયા જેવીજ થઇ ગયી છે. આંખે દાબડા બાંધી એકવાર ઘાણી પર બાંધી દે તો બાપડો ઘાંચીના ચાબખા ખાતો જાય અને ગોળ ગોળ ફરતો જાય અને પછી થાકે એટલે દાબડા જયારે ખોલી જુવે તો ખબર પડે કે જ્યાં પેહલા હતો ત્યાં જ હજુ ઉભો હોય? પછી બીજો બળધિયો આવી જ રીતે ઘાંચી માટે આખી જીન્દગી તેલ કાઢવા માટે એક જ જગ્યાએ ગોળ ગોળ ફરી તેલ કાઢવામાં આખી જીન્ગી કાઢી નાખે છે. જોકે કોઈ પણ રાજકીય પક્ષ હોય પણ સેન્ટ્રલ કમાન્ડ ની ચુંગાલ ની બહાર જાય તેને કદીય સખી લેવાતા નથી. મોટા ભાગે તો ઘાંચીના ઘાણી ના બળધિયા જેવીજ હાલત હૉય છે, પણ કેટલીક કોઈ પાર્ટીમાં કોઈ વખત તેમણે દાબડાની બહાર જોવાની છૂટ મળતી હૉયછે. ભાજપમાં તો સંઘ પરિવાર નો ચાબખાનો દર અને સાહેબે બાંધેલા દાબડા સિવાય બહાર જોવાની કોઈની હિંમત જ નથી હોતી!

કોંન્ગ્રેસ માટે ગુજરાતમાં ભાજપને હલાવી સત્તા લેવી હજુ પણ એક મોટી ચુનોતી કહેવાય. નેતાઓમાં જનતામાં વાજન પાડવા માટે હજુ કોઈ એક ચેહરો ચમકતો લાગતો નથી. એવું નથી કે કોંગ્રેસમાં કાબેલ લોકો નથી પણ તેનું આંતરિક માળખું જનતાની વેદના સમજી શકે છે પણ એક ખૂખારે લોકોમાં જુસ્સો ભરી શકે છે કે નહિ તે શંકાની વાત છે. જો સંઘ અને સખાઓનની માયાજાળ સામે કોંગ્રેસને પોતાની છબી ઉભી કરવી હશે તો હવે સમય હાથમાંથી જતો રહેતો હોય તેમ લાગે છે. તેમાંય જો આપ જેવા પક્ષ નો ગુજરાતમાં પગ પેસારો થશે તો કોંગ્રેસ અને આપની બંનેની પેલી બે બિલાડીઓ અને વાંદરાની વાર્તા ની જેમ ભાજપ વિરુધ્ધ વોટો જરૂર વેચાઇ જવાની શક્યતા મોટી છે. આમ જુવો તો બાપુ વાગેલાજી એ પણ ૧૦ વર્ષો સુધી કોંગ્રેસની સુકાન સાંભળી અને તે દરમયાન તે પાર્ટીનો ખુડદો વળી દેવાયો એમ માનવામાં આવે છે એમ કહીએ તો ખોટું નથી. ખુબ જ અગત્ય નો સમય કોંગ્રેસ ને દબાવી રખાઈ હતી. હવે તે પણ પોતાનો એક નવો ચોક ઉભો કરી પોતાની પીપુડી વગાડેછે. કોંગ્રેસ કે ભાજપ હાઈ કમાડ ના સંકેત ની કદાચ રાહ જોતા હશે કે કદાચ તેમનું રાજકીય ભવિષ્ય ફરી જાગે? એ પણ આડકતરી રીતે કોંગ્રેસના વોટ તો તોડશે જ ને? ઘર ફૂટે ઘર જાય જેવી હાલત છે.

આજે ગુજરાતમાં જેને લોકો ઉજળી કોમ કહેવાય છે તેમાં ભલે કોઈ કહે કે નહિ, છુપાવાય એવી એક વાત નથી કે જયારે મુસ્લિમ અને નીચલી કોમની વાત આવે છે ત્યારે એમ મનાય છે કે મોદી એ આ લોકોને ડરાવી અને ઠેકાણે કંટ્રોલમાં રાખ્યા છે. બેકારી અને મંદી જેવી વાતો આની સામે નાની પડે છે. ૨૦૧૯ ચૂંટણી નો દાખલો આપણી સામે છે. સાહેબ હવે ચૂંટણી આવતા જ કાલમાં વાંચતા થઇ ગયા છે. આ બાજુ મોહન ભાગવત એ નવી સોગઠી મારી કે બન્નેના DNA એકજ છે- હિન્દૂ મુસ્લિમ તો ભાઈ ભાઈ થયા ને? , લો બોલો, તો પછી ગાંધીજીની પાછળ કેમ પડ્યા હતા? ઉપરથી જેમ 'બાર વર્ષે બાવો બોલ્યો ' જા બીટા દુકાળ પડેગા!×. તેમ ભારતના એક કેન્દ્રીય મંત્રી એ કહ્યું, કે હું તો રેંજ સવારે પ્રાર્થના કર તા પેનહાલ માર દિલમાં 'લા ઈલ્લ્હા' ... બોલુંછું. આ હતા પિયુષ ગોહિલ. એમ લાગેછે કે અફઘાનિસ્તનમાં તાલિબાન સત્તા ઉપર આવતા ની સાથે આ આતંવાદીઓએ વગર જબર જસથી એ ભારત ના નેતાઓને કાલમાં પઢતા કરી નાખ્યા છે. જૂન માહિનામાં અમેરિકા જયારે ત્યાંથી નીકળવાની તૈયારી ચાલતી હતી ત્યારે સાહેબે અચાનક કાશ્મીરના રાજકીય નેતાઓ સાથે મિટિંગ કરી હતી અને કાશ્મીર ને યોગ્ય સમયે પાછું તેનું સ્ટેટસ આપવાની પ્રોમિસ પણ કરી હતી! આ જ નેતાઓને થોડા જ સમય પેહલા દેશદ્રોહી ના આક્ષેપો સાથે પુરી રાખ્યા હતા. આ અચાનક પરિવર્તન કેમ? ગુજરાત માટે શરમ જનક છે કે સરદાર પટેલ નું નામ ભૂંસી ને સાહેબનું નામ કરાવ્યું પણ પટેલો કે ગુજરાતીઓ એ બીજી તરફ જોવાનું પસંદ કરી લીધું છે. આને સામે કોંગ્રેસ શું નીતિ લઢાવી શકે? એ મોટો પ્રશ્ન છે?

# બાળકને નહીં પોતાના મનને ઓળખો



મેઘા પંડ્યા ભટ્ટ

રોહનના હાથમાં એસ.એસ.સી.ની માર્કશીટ હતી, પણ ચહેરા પર ગંભીરતા અને ડર વર્તાતા હતા. મન મૂંઝાતું હતું. માર્ક્સ અને ટકા તો ધાર્યા કરતાં સારા જ આવ્યાં હતાં, પણ ઘરમાં માતા-પિતા તરફથી એને કેવો પ્રતિસાદ મળશે તેની એને ખબર નહોતી. તેના માતા-પિતાને એણે કાયમ વધારે ટકા આવવાની વાતો કરતાં જ સાંભળ્યા હતા અને તેથી જ તેને થતું હતું કે તેનું રીઝલ્ટ જોઇને કદાચ તેના માતા-પિતા ઠપકો તો નહીં આપે ને.

એ રીઝલ્ટ લઈને ઘરે આવ્યો. રોહનના માતા-પિતાને એની પાસેથી દસમા ધોરણના બોર્ડના રીઝલ્ટમાં સારામાં સારા ટકા આવે એવી આશા હતી. જ્યારે રોહનને ૭૮ ટકા આવ્યા હતા અને રોહનને પોતે મેળવેલા ટકાથી સંતોષ હતો, પણ તેના માતા-પિતા તેના પરિણામથી સંતુષ્ટ થશે કે નહીં તે ડર સતત સતાવતો હતો. તેમનું કેવું વલણ હશે અને કેવી પ્રતિક્રીયા આપશે તે ડર રોહનના મનામાં ઘર કરી ગયો હતો.

થોડાક ડર અને આનંદ વચ્ચે તે ઘરે પહોંચ્યો અને તેણે પિતાના હાથમાં પોતાનું બોર્ડનું પરિણામ મૂક્યું. તેના પિતાએ પરિણામ જોયા વગર જ તરત તેને બાથમાં લઈ લીધો અને માતાએ આવીને તેના મોંમાં તેને ભાવતી મીઠાઇ ખવડાવી. રોહનને માતા-પિતાનો આનંદ જોઈને આશ્ચર્ય થયું અને તેની આંખમાં આંસુ આવી ગયા. તેના મનમાં જે ડર ઘર કરી ગયો હતો તે અચાનક જ ગાયબ થઇ ગયો. તે ખુશ થઇ ગયો અને માતા-પિતાને ભેટી પડ્યો. આખો દિવસ ખુશીથી પસાર થઇ ગયો. સાંજે તેના પિતાએ તેને પૂછ્યું કે, તારે આગળ કઇ લાઇન લેવી છે. તો રોહને પહેલા તેના પિતાને સામે પૂછ્યું, પપ્પા, તમે જ કહો ને, મારા માટે કઇ લાઇન સારી છે. તેના પિતાએ તેને શાંતિથી સમજાવીને તેના માર્ક્સ અને રુચિને ધ્યાનમાં રાખીને કોમર્સમાં આગળ વધવા જણાવ્યું અને રોહને તે સ્વીકારી પણ લીધું.

આવું ઘણા મા-બાપ સાથે બનતું હોય છે કે બાળક પાસેથી તેઓ વધારે ટકાની આશા રાખે છે, પણ તમે જાણો જ છો કે તમારું બાળક કેટલું હોશિયાર છે અને તે કેટલા ટકા લાવી શકશે. તેની પાસેતી વધારે પડતી અપેક્ષા ન રાખો. તેના રિઝલ્ટને પ્રેમથી વધાવી લો અને આગળ તેને કઇ રીતે કયા ક્ષેત્રમાં જવાનો ફાયદો થશે અને તેને શેમાં રુચિ છે તે બધું જાણીને યોગ્ય નિર્ણય કરો. તમે એના રિઝલ્ટને હસતાં હસતાં વધાવશો તો એના મનમાં તમારા માટે ઘર કરી ગયેલો ડર નીકળી જશે અને તે તમારી સાથે મુક્ત મને વાતો પણ કરશે. આનાથી તમે એને સાચી રીતે સમજી શકશો અને તે પણ તમારા નિર્ણય પર વિચારશે અને તમારી સાથે સંમત થાય એવું પણ બની શકે.

બાળક હંમેશાં પ્રેમ અને સાથ જ ઝંખતું હોય છે અને તેને માતા-પિતા તરફથી મળતા સાથ પ્રમાણે તેના વર્તનમાં પણ ફેરફાર જોવા મળે છે. જો તમે એના પરિણામને લઇને એને સતત ટોકતા રહેશો તો એ તમને એની માનસિક મૂંઝવણ ક્યારેય જણાવશે નહીં અને તમારી દરેક વાતને ઊંધી રીતે જ લેશે. તમારા કોઇ પણ નિર્ણયમમાં એ સંમત નહીં થાય. જો એ તમારી વાત માનીને આગળ વધે તો પણ એમાં એને રસ રહેશે નહીં અને યોગ્ય વિકાસ સાધી શકશે નહીં. એના મનમાં તમારા માટેનો આક્રોશ જ હશે એ તેના ભવિષ્ને બગાડવાનું જ બધાનું કારણ બનશે. તેથી જ બાળકને દરેક બાબતમાં પ્રેમ અને ધીરજથી સમજાવો. તમારી લાગણી જ એના જીવનમાં એને આગળ વધવામાં મદદ કરશે.

બાળકને હંમેશા ભણતર અને રીઝલ્ટને લઈને માતા-પિતાનો ડર રહેતો હોય છે. સમાજમાં બનતા અનેક કિસ્સાઓ આ વાતનો પૂરાવો છે. તેથી બાળકના ભણતરને સમજવા કે તેને ભણતર અંગેનું સાચું મહત્વ સમજાવવા માટે માતા-પિતાએ પહેલા તો પોતાના બાળકના મનને અને તેની પસંદગીને સમજવું ખૂબ જરૂરી છે. કૂમળા ફૂલ જેવું બાળક કુમળું મન પણ ધરાવે છે.

સતત રોક-ટોક તેના બાળમાનસ પર વજ્રઘાતોનું કામ કરે છે. જેના કારણે બાળક માતા-પિતાથી દૂર થતું જાય છે. તેની માનસિકતા નબળી પડવા લાગે છે અને પરિણામે ન ધારેલું પરિણામ સામે આવીને ઊભુ રહે ત્યારે અક્લપનિય ઘટનાઓ બને છે. બાળકને પ્રેમ આપો, ડર નહીં. તે કોઇ દુશ્મન નથી. તમારું પોતાનું જ અંશ છે. જો તે ઓછા ટકા પણ લાવતું હશે, પણ તેને માતા-પિતાનો સાથ-સહકાર મળતો રહેશે તો તે જીવનમાં દરેક પ્રગતિને હળવાશથી પાર કરશે. બાળક તમારું જ છે અને તમારે તમારા જ મનને ઓળખવાની સાચી જરૂર છે. શરૂઆત આજથી જ કરી દો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાદ્ધ પક્ષ.માતૃ,પિતૃ શ્રાદ્ધ મહત્વ" વિષયક રચનાઓ(૧૫-૯-૨૦૨૧)દિવસ - ૪

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

NOG SS No - 0063
વિષય - શ્રાદ્ધ
વિભાગ - ગદ્ય
પ્રકાર - લેખ
શીર્ષક - શાસ્ત્ર અને શ્રાદ્ધ (એક અદ્ભુત સમજ)

ન્યાય શાસ્ત્રમાં એક સુત્ર છે, 'બીજ વૃક્ષ ન્યાય.' જેવું બીજ હશે એમાંથી એનું એવું વૃક્ષ વૃદ્ધિ પામશે અને ફરી એમાં ફળ આવશે. આ ફળ બીજ તો ધરાવતાં જ હશે. મતલબ બીજમાંથી વૃક્ષ અને એમાંથી ફરી બીજ. આ સાથે એક બહુ સુક્ષ્મ પરંતુ મહત્વની વાત તાદ્રશ્ય થાય છે કે આપણી અંદર ક્યાંક ને ક્યાંક આપણાં વડવાઓના અંશ હાજર છે. જો આ હાજરીની મહત્તાને સ્વીકારીએ તો આપોઆપ એક શ્રદ્ધાનો જન્મ થાય છે.

શ્રાદ્ધ એટલે શું?
શ્રાદ્ધનો ખરો અર્થ થાય છે, શ્રદ્ધા.
કોની ઉપરની શ્રદ્ધા?
જવાબ છે. આપણાં ઉપરની,આપણી અંદર રહેલાં માતા પિતા, દાદા દાદી, નાના નાની.. સમજોને કે દરેક વડીલ, જેનાં અંશ આપણી અંદર હાજર છે. આ અંશની ખુશી માટે, એમની તૃપ્તિ માટે, સંતોષ માટે જે કરીએ એ તર્પણ.
અર્થાત્, આપણાં શરીરમાં રહેલાં અનેક સુક્ષ્મ જીવોની તૃપ્તિ માટે થયેલું કાર્ય એટલે તર્પણ.
આ શ્રાદ્ધ કાર્ય માત્ર માતા પિતા કે દાદા દાદી સુધી સિમિત નથી. ખરેખર, એની શરૂઆત તો આપણી અંદર રહેલાં આત્માની પ્રસન્નતા છે. મતલબ, આપણી પોતાની ખુશી. આપણાં પોતાનાં આત્માને આપેલ ન્યાય.
મનુષ્યના દેહાંત બાદ એનો આત્મા કે જે અમર છે, એ વિવિધ તબક્કે એની સાથે, એની આજુબાજુ જ રહે છે.
આ તબ્બકાઓ 'સમાના, પ્રાણા, ઉધાના, અપાના અને વ્યાના.'
આ, અહીં આપેલો ક્રમ મનુષ્ય શરીરમાંથી તબ્બકાવાર,એકપછી એક, સ્પષ્ટ દેખાતી, અનુભવી શકાતી કે અણદેખી શક્તિઓની વિદાયનો ક્રમાંક છે. આ વિદાય, આપણે વૈજ્ઞાનિક રીતે જોઈએ તો જ્યારે દાક્તર મનુષ્યને મૃતક જાહેર કરે તેની વીસથી પચ્ચીસ મિનિટથી શરુ થાય છે અને અગિયારથી ચૌદ દિવસનો સમય લ્યે છે. અર્થાત્ હિન્દુ ધર્મમાં આ દિવસો સુધીની જે ધાર્મિક વિધિઓ સુચવવામાં આવી છે, એ ખૂબ મહત્વપૂર્ણ છે. કેમકે ત્યાં સુધી આત્મા એનાં શારીરિક અસ્તિત્વની આજુબાજુ હાજર હોય છે.
આમ, શ્રાદ્ધ, તર્પણ એ શાશ્વત કે નશ્વર, શારીરિક કે આત્મિક ખુશી,પ્રસન્નતા, સંતોષ માટેનું કાર્ય સુચવતું જણાય છે.
અસ્તુ.
(આ વિષય એટલો ગહન છે કે બીજા પાંચેક લેખ લખવા છતાં સુક્ષ્મ જાણકારી જ મેળવેલી જણાય.)

રીટા ભાયાણી.

---

ઙ્ઢ જીજી ઙ્ઘ:૦૦૪
વિષય: શ્રાધ્ધ ને માતૃ પિતૃ પ્રેમ
શબ્દો: ૩૫૦
પ્રકાર: લઘુવાર્તા
શીર્ષક:શ્રાધ્ધનું તર્પણ

ઘનસુખભાઈએ જીવતે જીવંત દીકરીનું શ્રાધ્ધ કરી દીધું હતું. આમ તો શાંત પ્રકૃતિનાં હતાં. પત્ની બીજીવારનાં હતાં, નામ હતું ડાહીબેન. જેવા નામ તેવાં જ ગુણ હતાં. તેમણે પતિને ખૂબ સમજાવ્યા પણ તેમણે ક્રોધમાં ને ક્રોધમાં આ કામ કરી નાંખ્યું . તેનો પસ્તાવો પણ ન કર્યો.આમ ને આમ એ વાતને સોળ વર્ષ થઈ ગયાં.

તેમને પણ દીકરી કરતાં બે વર્ષ મોટો દીકરો હતો. શહેરમાં કમાવા ગયો હતો , ઘનસુખભાઈને પોતાના દીકરા પર ખૂબ ગર્વ હતો. તેની વહુ થોડી અળવિતરી હતી.ક્યારેક તેઓ શહેર જતાં તો તેમના પત્ની તો બીજે જ દિવસથી પાછા જવાની વાત કરતા. આ વખતે તેઓ ગયા તો દીકરાએ ચાર પાંચ દિવસ પછી પાંચ છ કાગળિયા આપ્યા. તેમાં પાવર ઓફ એર્ટની, ઘરના કાગળ તેમજ ખેતી વાડી સર્વે તેના નામ પર કરી આપવાનું સૂચન હતું. તેઓ તો બે મિનિટ દીકરાને જોતા રહ્યાં ને પૂછ્યું," હું સહી ના કરું તો તું શું કરશે?" તે પગ પછાડી બહાર નીકળી ગયો. વહુનું વર્તન બદલાય ગયું.

બન્ને જણાં તે દિવસે બપોરે ગામ જવા પાછા નીકળી ગયાં પાછા ન આવવાની સૌંગદ લઈને. આ આઘાત ઘનસુખભાઈ ન સહન કરી શક્યા અને તેમને લકવા મારી ગયો. ડાહીબેને છાનામાના દીકરીને સમાચાર મોકલ્યા. દીકરીએ પોતાના પતિને વાત કરી.
તે બન્નેએ પોતાના મિત્ર ડોક્ટરને અને પુત્ર શીવને તેમને ત્યાં મોકલ્યા. ઓળખાણ ન આપતા તેમણે કહ્યું આજે ગામમાં આવ્યા હતા તો ઘનસુખભાઈના મિત્ર સૂર્યકાંન્તે
તમને જોવા મોકલ્યા. બધું તપાસ્યા બાદ ડોક્ટરે દવા અને માલિશ માટે તેલ આપ્યું. તેમના મદદનીશ ને તેમની પાસે પાંચ છ દિવસ રોકાય ને આવવાનું કહ્યું.

શીવે ચાકરી કરી નાનાને હરતા ફરતા કરી દીધા. જવાનો હતો તે દિવસે દીકરીનું શ્રાધ્ધ હતું. શીવે કહ્યું કે
નાનાજી જે દીકરીને તમે જીવતે જીવ મરેલી માનો છો ને, તેનું જ હું પિંડ છું. ડોક્ટર પપ્પાના મિત્ર હતાં. મમ્મીએ જ
એટલે કે તમારી દીકરીએ જ મને મોકલ્યો છે.

આ સાંભળી નાનાજીની આંખમાંથી પશ્ચાતાપનાં આંસુ વહેવા લાગ્યાં. શ્રાધ્ધ હવે ક્યારેય નહિ કરું પણ દીકરી જમાઈની જેમ સદ્કાર્યો જ કરીશ નાનાએ શીવને ગળે લગાવ્યો ને દીકરી દીકરાનાં ભેદને સમજી શક્યા.

મિત્રો શ્રાધ્ધ કરવા કરતાં સદ્કાર્ય કરી જીવતા જીવંત માતૃ ને પિતૃ તરફ શુધ્ધ સેવાભાવ રાખો તેમના પડતા બોલને સ્વીકારો.. કછોરું થવા કરતા છોરું બની તેમની લાકડી બનો. તો શ્રાધ્ધ પૂર્ણ થશે.

જયશ્રી પટેલ

NOG SS NO.0081
વિષય: શ્રાદ્ધ
પ્રકાર:ગદ્ય/ લેખ
શીર્ષક: કાગડો જ કેમ?
શબ્દ :૨૪૦

વિશ્વમાં દરેક વૃક્ષ કાર્બન ડાયોક્સાઈડ લઈ ઓક્સિજન
પાછો આપે,એ સર્વ વિદિત છે.એમાં વિજ્ઞાને પણ? પુષ્ટિ આપી છે કે વડ અને પીપળો બે જ એવાં વૃક્ષ છે કે જે એકી વખતે બમણો ઓક્સિજન આપે.પણ ઘણાંને આપણાં શ્રાદ્ધ વિશે કે એની પાછળનાં શાસ્ત્ર વિશે ઓછી ખબર છે .

આપણે કાગડા,કૂતરા કે ગાયને 'વાસ ' નાખવો એ જ શ્રાદ્ધ માનીએ પણ એમ શા માટે ? એવું વિચારીએ. ઉપરનાં બંને વૃક્ષને વંશ વધારવા બી ઉપયોગી નથી પણ એમનાં ફળ જ્યારે કાગડો ખાય ત્યારે , ફક્ત કાગડો કેમ?કાગડો જ આ ફળ ખાધાં બાદ જે વિષ્ટા કરે એમાંથી નવાં ઝાડ ઉગે છે.આ જ પ્રસાદી અસંખ્ય મકાનોનાં પાઇપ અને તિરાડોમાં વડ કે પીપળા રૂપે ઊગી નીકળે છે.આમ આ બે વૃક્ષોનું અસ્તિત્વ કાગડા સાથે ગહન રીતે જોડાયેલું છે.

આપણાં પૂર્વજોએ કેટલું સમજી વિચારીને આ શ્રાદ્ધ કાગડા સાથે જોડી દીધું હશે જે કાગડાઓની પ્રજનનની ઋતુ છે.પિતૃઓની સ્મૃતિમાં ??ખીર કે દૂધપાક જેવી વાનગીનો ધારો પડ્યો જેના લીધે ભાદરવા મહિનામાં ખાસ થતાં પિત્ત પ્રકોપને ટાળી શકાય.આવી પૌષ્ટિક વાનગી કાગડાને વાસ તરીકે મૂકાય જે એનાં પ્રજનન કાળ દરમ્યાન મળે અને આ સૃષ્ટિ ચક્ર નિરંતર ચાલતું રહે.

આ વાંચ્યા બાદ કાગડા વિશે શ્રાધ્ધ પક્ષમાં થતાં વિચિત્ર કટાક્ષ ઘટે અને આપણી પ્રથાઓ માટે માન વધે એ જ ઈચ્છા.એમ તો કાગભુશુંડી એટલે વિદ્વાન , જેમણે ગરૂડજીને રામાયણ કહી સંભળાવ્યું. આપણા કૃષિપ્રધાન દેશમાં દરેક તહેવાર લૌકિક અને વૈજ્ઞાનિક જોડાણથી ઉજવવા પાછળ આપણાં પૂર્વજો અને તે કાળનાં શાસ્ત્રજ્ઞો વિશે પૂજનીય ભાવ જરૂર ઉપજે અને તહેવારો કે ઉજવણી તરફ આપણી સૂગ ઘટે એવી સદ્ઇચ્છા! શ્રધ્ધાથી કરાય એ તર્પણ એટલે જ શ્રાદ્ધ .

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

NOG SS No - 0050
વિષય - માતૃ શ્રાદ્ધ
માતૃદેવો ભવઃ પિતૃદેવો ભવઃ
ની ભાવના વ્યક્ત કરતું ,
મા-બાપનાં ઋણ અદા
કરવાનો ને અંજલિ આપવાનો પર્વ.

ભારતનાં ચાર સરોવર
નારાયણ સરોવર કચ્છમાં, પંપાસરોવર દક્ષિણમાં, માન સરોવર કૈલાસમાં, બિંદુ સરોવર સિધ્ધપુર ગુજરાતમાં. સિધ્ધપુર એક પવિત્ર સરસ્વતી નદીનાં કિનારે પાવન તીર્થધામ. એનું નામ બિંદુસરોવર આખા ભારતભરનાં લોકો માતૃશ્રાદ્ધ માટે અહીંયા આવે છે.

સિદ્ધપુરમાં "માતૃગયા" ને ગયામાં "પિતાનું શ્રાદ્ધ" થાય છે.

મહામુનિ કપિલદેવે પોતાની માતા દેવહૂતીને સાખ્ય જ્ઞાનનો ઉપદેશ આપી જીવન મુક્તિ અપાવી ત્યાંથી માતૃશ્રાધ નો મહિમા કહ્યો છે. કાત્સાયન મુનિએ માતૃગયા તીર્થ બિંદુ સરોવરમાં માતાનું શ્રાદ્ધ કરવાથી માતાને મોક્ષ મળે છે. વંશવૃદ્ધિને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. સરોવરોમાં માતૃગયા શ્રાદ્ધ વખતે ૧૬ પીંડદાન કરી માતૃઋણ અદા કરાઇ છે.

પૌરાણિક કથા હજાર વર્ષ પહેલા જગતોત્પતિ કરતાં મહર્ષિ કદર્ભ માતા દેવહૂતિને નવ નવ યુગો પુત્રીઓ બાદ પુત્રની ઝંખના માટે સરસ્વતી તટે કઠોર તપને લીધે એ ક્ષેત્રને સિદ્ધ ક્ષેત્ર તરીકે પુરાણોમાં ઉલ્લેખ આયું છે. ભગવાન નારાયણે પ્રસન્ન થઈ માતાને કુખે જન્મ લીધો ભગવાન નારાયણ નો પાંચમો અવતાર કહેવાય છે.

કપિલ ભગવાને નાની ઉંમરમાં માતા દેવહૂતિને સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ આપેલો. મા નો ઉદ્ધાર કર્યો. ઉપદેશથી કૃતાર્થ થયેલા માતાને આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાયા ધરતી પર ટપકતાં સરોવર બન્યું.
"હર્ષ બિંદુ સરોવર કહેવાયું. આગળ જતાં" બિંદુ સરોવર" માતા દેવહૂતીની સાથે ભગવાન કપિલે "અલ્પા" નામની દાસીને પણ ઉધાર કરેલો અને બિંદુ સરોવરની બાજુમાં" અલ્પા સરોવર "પણ છે. ત્યાં કપિલ ભગવાને માતાને સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ દીધેલો અને જ્ઞાન વાટિકા રૂપે જાણીતું છે.
એવી માન્યતા છે કે શ્રી પરશુરામ માતૃ હત્યાનાં ઋણમાંથી મુક્ત થવા પિંડદાન કરેલાં ત્યારથી માતૃશ્રાદ્ધ માટે જગતમાં જાણીતું છે. પિંડદાન કરવાથી અતૃપ્ત આત્મા તૃપ્ત થાય અને મોક્ષ પામે?. શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા ઉપરથી બનેલો છે. માતા-પિતા પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરવાની નિષ્ઠા વિધિ બે પ્રકારની હોય છે. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ. પ્રત્યક્ષમાં બ્રાહ્મણો સામે પુત્રને બેસાડી પિતૃઓનું સ્મરણ કરી શ્રાદ્ધ કરે અને અપ્રત્યક્ષમાં એ સ્થાને ઘટ મૂકીને પિતૃઓની આહવાન કરી પૂજા થાય .વિધિ કરવાથી આપણા પૂર્વજો આપણને શાંતિ પ્રદાન કરે છે અને આશિષ આપે છે.

રાગીની શુક્લ "રાગ",મુંબઈ, કાંદિવલી

---

[NOG SS.No 0098
विषय:- श्राद्ध पक्ष
प्रकार:- गद्य
शीर्षक:- पितरों का आशिर्वाद।

हिन्दू धर्म अनुसार ३६५ दिनों में से १५,१६ दिन पितरों के लिए निर्धारित होते हैं। जिसे श्राद्ध पक्ष कहते हैं। इन मृत्य आत्माओं में क्षुधा होती है ।इसकी तृप्ति,मोक्ष और शांति के लिए ब्राह्मण भोज,कागवास, गौग्रास,दान दक्षिणा पिंडदान करते हैं।
इसमें Trri पिंडी श्राद्ध सबसे महत्वपूर्ण माना जाता है।

श्राद्ध में शुभ और मांगलिक कार्य निषेध हैं। यदि घर में कोई मांगलिक कार्य हुआ हो तो एक वर्ष तक पिंडदान निषिद्ध है। श्राद्ध में लाल पुष्प,लोह व धातुओं के बर्तन भी वर्जित हैं।ॐ का उच्चारण भी नहीं किया जाना चाहिए।

श्राद्ध विधि अपने निवास स्थान पर ही करनी चाहिए। घर में श्राद्ध करने से तीर्थ क्षेत्र में श्राद्ध करने की तुलना में आठ गुना पुण्य प्राप्त होता है। इसके अलावा गंगा, यमुना,काशी, प्रयाग, गयानगरी इत्यादि तीर्थ स्थानों में श्राद्ध करने का विषेश महत्त्व है। पितरों को तृप्त करने से पितृ दोष से मुक्ति मिलती है।
कुश, तिल,अक्षत और जल इन सबको हाथ में लेकर दान दिया जाना चाहिए

"बाह्यतः पितरों के नाम से ब्राह्मण भोजन करना इस कर्तव्य पूर्ति के लिए कृति" ऐसा दृष्टिकोण की अपेक्षा " ब्राह्मण के माध्यम से प्रत्यक्ष पितर ही भोजन प्राप्त कर रहे हैं" ऐसा भाव रखना अधिक महत्वपूर्ण होने के कारण संतुष्टि युक्त ब्राह्मण के देह से प्रक्षेपित होने वाली आशिर्वादातमक सात्विक तरंगों का बल पितरों को प्राप्त होता है। फलस्वरूप पितरों वंश को पितरों का आशीर्वाद प्राप्त होता है।
श्राद्ध श्रद्धा का विषय है, प्रदर्शन का नहीं। अतः शास्त्र श्रद्धानुसार श्राद्ध करना चाहिए। जिससे हमारे परिवार पर उनका आशीर्वाद बरसता रहे।
✍️
लीना शर्मा
हालोल।

# ભવિષ્યમાં તમારો અવાજ પણ તમારી બાયોમેટ્રિક ઓળખ બનશે

અમદાવાદ, તા.૧૪

હવે તમારા ફોન પરના અવાજ રેકોર્ડ કરી કંપનીઓ તમારો મુડ લાગણીઓ તેમજ ઉંમર નક્કી કરતી વોઈસ સિગ્નેચરના આધારે પેટન્ટ થયેલી ગૂગલની સર્કિટરી ઉંમર અને લિંગનું અનુમાન લગાવે છે. માતા-પિતા પોતાનાં બાળકોની ગતિવિધિઓ પર નિયંત્રણ માટે તેનો ઉપયોગ કરી શકે છે. એમેઝોનનો દાવો છે કે, તેનો હેલો રિસ્ટ બેન્ડ બીજા સાથે વાતચીત દરમિયાન તમારી ભાવનાત્મક સ્થિતિને ઓળખી શકે છે. અનેક હોટલોએ પોતાના રૂમમાં એમેઝોન અને ગૂગલ ડિવાઈસ ફીટ કર્યા છે. કન્સ્ટ્રક્શન કંપનીઓ પણ નવા ઘરોમાં એમેઝોનની એલેક્સા અને ગુગલ આસિસ્ટન્ટને દીવાલોમાં ફીટ કરી રહી છે. જોકે, તેમાં અનેક સામાજિક અને પ્રાઈવસી સાથે સંકળાયેલા સવાલ ઊભા થઈ શકે છે, જેનો જવાબ પહેલા શોધવો જરૂરી છે.તમે કોઈ માહિતી કે ફરિયાદ માટે જ્યારે કોલ સેન્ટરમાં ફોન કરો છો તો કોલ સેન્ટરનો કર્મચારી તમને કહે છે કે, ટ્રેનિંગ અને ક્વોલિટી કન્ટ્રોલના ઉદ્દેશ્યથી આ કોલ રેકોર્ડ કરાઈ રહ્યો છે. હકીકતમાં તમારા અવાજથી કંપનીઓ ભવિષ્યમાં નફો રળી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને નવા મુકામો પહોંચાડવામાં પણ તેની મહત્ત્વની ભૂમિકા છે. કોલ સેન્ટર જ નહીં સ્માર્ટ સ્પીકર અને સ્માર્ટફોન જેવા ડિવાઈસ પણ તમારા અવાજ અને તેના આરોહ-અવરોહને કેપ્ચ કરવા મથી રહ્યા છે. ભવિષ્યમાં તમારો અવાજ પણ તમારી બાયોમેટ્રિક ઓળખ બનશે. પર્સનલાઈઝ્ડ સેલિંગથી સંકળાયેલા વ્યવસાય જેમાં કેટલીક મોટી બ્રાન્ડ પણ સામેલ છે, એ દિશામાં કામ કરી રહ્યા છે કે તમારા અવાજ દ્વારા કેવી રીતે તમારી લાગણીઓ ઓળખી શકાય અને તેના અનુસાર ડીલ કરી શકાય. ઉદાહરણ તરીકે, તમે કોઈ મોટી રેસ્ટોરન્ટમાં સીટ રિઝર્વ કરવા ફોન કરો છો, પરંતુ તેની વોઈસ એનાલિસિસ સિસ્ટમ તમારા અવાજ દ્વારા નિષ્કર્ષ કાઢે છેકે, તમે તેના રેસ્ટોરન્ટમાં ડિનર કરનારા લોકોની શ્રેણીમાં આવો છો કે નહીં. એ જ રીતે કોઈ સ્કૂલ કોઈ વિદ્યાર્થીને સ્પેશિયલ કોર્સમાં પ્રવેશ આપવાનો એટલા માટે ઈનકાર કરી દે છે, કેમકે વોઈસ એનાલિસિસમં ખબર પડે છે કે, એ વિદ્યાર્થી તે વિષય માટે ગંભીર નથી. કસ્ટમર એજન્ટ સાથેની વાતચીતમાં આ બાયોમેટ્રિક ટેક્નોલોજી તમને તણાવગ્રસ્ત બતાવે છે તો બની શકે કે, ખરીદી પર થોડું વધારાનું ડિસ્કાઉન્ટ મળી જાય, ખાસ કરીને ત્યારે જ્યારે કંપનીના રિકોર્ડમાં તમે વધુ ખર્ચ કરનારા તરીકે નોંધાયેલા છો. ટૂંકમાં જ કંપનીઓ તમારા અવાજ દ્વારા વજન, ઊંચાઈ, જાતિ, વર્ણ જેવી અનેક બાબતો જાણી લેવા સક્ષમ હશે.

# સંબંધો જીવવા અને જાળવવાની કળા



અલ્પા શાહ
મુંબઈ - મલાડ

સાંધવા સંબંધ ન કોઈ સોય દોરો જોઈએ
એમાં મનનો કાગળ સાવ કોરો જોઈએ
ભૂલ તારી કે ભૂલ મારી એની ગુથ્થીમાં ઉલજાયા વગર
હૃદયનો એક કિનારો સંવેદનાથી ભરેલો જોઈએ
ક્યાં કંઈ લઈ જવાનું આ સફરમાં જીવવા સંબંધ ઋણાનુબંધનો મૂળ પડેલો જોઈએ

માણસ જન્મેને ત્યારથી લઈને મૃત્યુ સુધી અનેક સંબંધો બાંધે છે.

અમુક સંબંધો જન્મથી મળે છે અને અમુક ઉંમર વધતા બંધાઈ જાય છે. આ સંબંધો એના જીવનને ઉષ્માભર્યું રાખે છે. સંબંધો વગર માણસ જીવી શકતો જ નથી. આ સંબંધો જાળવી રાખવા હૃદય લાગણી ભરેલું હોવું જોઈએ. જેમ છોડને ઉગવા પાણી-ખાતરની જરૂર હોય એમ સંબંધોને આગળ વધવા લાગણીરૂપી ખાતરની જરૂર પડે છે.

લાગણી વિહીન લોકોના સંબંધો બહુ ટકતા નથી અને ટકે તો એમાં પ્રેમની ઉણપ હોય છે. સંબંધો જાળવવા એકબીજાની ભૂલો જોયા વગર જતું કરવાની ભાવના પણ જરૂરી છે. પોતાના અહમને પકડી રાખનારના સંબંધો જાજા ટકતા નથી. કોઈનું પણ દિલ તમે જેટલું પ્રેમથી જીતી શકો એટલું અહમથી નહીં. નાના બાળકને પણ તમારે કાંઈ

શીખવાડવું હોય કે એના દિલમાં જગ્યા બનાવવી હોય તો પ્રેમથી વર્તવું પડે તો મોટા લોકોના હૃદયમાં જગ્યા બનાવવા પ્રેમભર્યું

વર્તન જ કરવું પડે. કરડાકી કે તમે પદવીમાં મોટા હોવ તો મોટાપણું બતાવવાથી સંબંધો જીતી શકાતા નથી. આવું કરવાથી સામેવાળી વ્યક્તિ ડરીને કે માન આપવાની દૃષ્ટિએ તમારું કીધેલું કરશે પણ દિલમાં લાગણીનો અભાવ હોય છે.આવા સંબંધો જીવીને કાંઈ મતલબ નથી.

ઘણીવાર સંબંધોમાં નાની નાની બાબતમાં ગેરસમજણ ઊભી થાય છે. આવા વખતે એકબીજાને સમજવાની કોશિશ કરી ગેરસમજણ દૂર કરીએ તો જ સંબંધો ટકે નહીં તો સંબંધો તૂટતા વાર નથી લાગતી. ક્યારેક કાંઈક કેટલા કડવાં પ્રસંગો જીવનમાં ના ઈચ્છવા છતા બની જાય છે. આવા પ્રસંગોને સમયાંતરે ભૂલી જઈએ એમાં જ ભલાઈ છે.

કડવી વીતેલી વાતને શું કામ યાદ કરવી
દિલમાં ઉઠેલ દર્દ જોઈને શું કામ આહ ભરવી

એ વાતોને તમે પકડી રાખો તો સંબંધોમાં કડવાહટ આવ્યા વગર રહેતી નથી. એકબીજા પ્રત્યે દોષારોપણ કરીએ છીએ જે સંબંધોમાં તિરાડ પેદા કરે છે. નરસા અનુભવોને ભૂલીને તમે સંબંધોમાં આગળ વધોને તો જ યથાવત સંબંધો સાચવી શકાય.

જીવનમાં ઘણીવાર એવું બને કે ઘણા લોકો પ્રત્યે તમે સંવેદના ભાવ રાખો તો પણ એ લોકો સાથે તમારો સંબંધ તણાવભર્યો જ રહે છે કારણકે સંબંધો જીવવા માટે ઋણાનુબંધ પણ હોવો જરૂરી છે. એ વ્યક્તિ સાથે તમારો ઋણાનુબંધ ના હોય તો તમે ગમે તેટલું સારું કરો પણ એ વ્યક્તિ તમને ખોટી જ સમજશે. ઘણા લોકો સાથે ઋણાનુબંધ હોય તો સંબંધોમાં આવેલા ઉતાર-ચઢાવ પણ આ સંબંધ તોડી શકતા નથી.

ઘણીવાર શબ્દોના તીરથી પણ સંબંધો તૂટી જાય છે. માટે બોલી હંમેશા પ્રેમભરી રાખવી. વાણીમાં મીઠાશ રાખવી. સંબંધોમાં સ્વાર્થીપણું ક્યારેય ના રાખવું. નિઃસ્વાર્થ ભાવે બાંધેલા સંબંધો ખૂબ જ સારી રીતે નભે છે.

આમ સંબંધો ખૂબ જ નાજુક , લાગણીના તાંતણે બંધાયેલા હોય છે. માટે એને ખૂબ જ જાળવવા પડે. એવું ક્યારેય અભિમાન ના રાખવું કે બીજા ઘણા સંબંધો છે ભલે અમુક સંબંધ તૂટી જતા. આવો વિચાર ના આવે ને તો સંબંધો જીવનભર અકબંધ રહી શકે છે.

મઝધારમાં કેવા
મળી ગયા હું ને તું
ચાલ વાગોળીએ આપણા
સંસ્મરણો મળી હું ને તું
સ્નેહના વરસાદમાં કેવા
ભીંજાયા હતા આપણે
ચાલ યાદોંની એ ગલીઓમાં
ફરી પલળીએ હું ને તું
દુનિયાને ક્યાં મંજૂર હતું
આપણું મિલન વિરહની આગમાં કેવી બળી
રહ્યા હું ને તું
જમાનો ક્યાં ક્યારેય
સમજી શક્યો પ્રણયની રીતને
ચાલ સપનામાં જ
મળીએ હું ને તું
આ જનમમાં ફરી મુલાકાત
થાય ના થાય
કૃષ્ણ રાધા જેમ
ચાહી એકબીજાને પામીએ હું ને તું

# ભાવનગર મનપા દ્વારા ૧૪ ખાનગી હોસ્પિટલોને નોટીસ

ભાવનગર, તા.૧૪

કોરોના કાળમાં હોસ્પિટલોને કેટલાક રાહત આપવામાં આવી હતી પરતું હવે કોરોના સંક્રમણ ઓછુ થઈ રહ્યું છે ત્યારે મનપાએ બીયુ પરમિશન વગરની હોસ્પિટલો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. બે દિવસ પહેલા પણ બી.યુ. પરમિશન વગરની ૮ હોસ્પિટલને પાંચ દિવસમાં સીલ મારવાની નોટીસ આપ્યા બાદ વધુ ૬ હોસ્પિટલને નોટીસ ફટકારી હતી ત્યારે આજે વધુ ૧૪ હોસ્પિટલોને નોટીસ આપવામાં આવી છે. એટલું જ નહી સાથો સાથ ફાયર એન.ઓ.સી. માટે પણ કાર્યવાહી કરતા ૩ હોસ્પિટલને સીલ મારવા નોટીસ પાઠવી હતી. મહત્વનું છે કે બી.યુ. પરમીશનના હોય તેવી હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓ સામે કાર્યવાહી કરવા સુપ્રીમ કોર્ટે જ્યારે ફાયર એન.ઓ.સી. માટે હાઈકોર્ટે સરકારને કડકાઈ સાથે કાર્યવાહી કરવાના આદેશ બાદ કોર્પોરેશન દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.બિલ્ડીગ યુઝ પરમિશન વગરની અને ફાયર એન.ઓ.સી. વગરની હોસ્પિટલો તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સામે કોર્ટે કડકાઈ દાખવ્યા બાદ ભાવનગર કોર્પોરેશન દ્વારા પણ સીલ માટે નોટીસો આપવાનું શરૂ કર્યું છે. જે બાદ મનપાએ કાર્યવાહી કરતા શહેરમાં ૧૪ ખાનગી હોસ્પિટલોને મેં. પરમિશન મામલે નોટિસ પાઠવી દીધી છે. આ મામલે ૫ દિવસમાં યોગ્ય કારણ રજૂ નહી કરી શકે તેવી હોસ્પિટલોને સીલ કરવાની કામગીરી પણ કરવામાં આવશે.

# પાણી માટે તરસ્તા સૌરાષ્ટ્રમાં આજે પાણી જ પાણી...

રાજકોટ, તા.૧૪

સૌરાષ્ટ્રના અન્ય જિલ્લાઓમાં સોમનાથના તલાલા, ગીરગઢડા, વેરાવળ, સૂત્રાપાડા, ઉના, કોડીનારમાં ૧થી ૨ ઈંચ વરસાદ, દ્વારકાના ભાણવડમાં ૧, ખંભાળિયા આર્ધો ઈંચ, મોરબી જિલ્લાના ટંકારામાં ધોધમાર ૩ ઈંચ, વાંકાનેર અને માળિયા મિયાણામાં દોઢ અને હળવદમાં અર્ડો ઈંચ, અમરેલી જિલ્લાના વડીયા ૪ ઈંચ, બગસરા ૨ ઈંચ જયારે લિલીયા, ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા , જાફરાબાદ તાલુકામાં આર્ધાથી એક ઈંચ, પોરબંદરના કુતિયાણામાં ૨ ઈંચ અને રાણાવાવ તથા પોરબંદરમાં એક ઈંચ વરસાદ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘમહેરથી એકંદરે ખુશીની લહેર છવાઈ છે. જુનાગઢ જિલ્લામાં ગીરનાર અને દાતાર પર્વત પર ૧૮ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જયારે વિસાવદર ૧૭ ઈંચ, જુનાગઢમાં ૭ ઈંચ, માળિયાહાટીના,મેંદરડા, કેશોદમાં ૪, ભેંસાણ, વંથલી અને માણાવદર તાલુકામાં ૫ ઈંચ અને માંગરોળમાં ૩ ઈંચ વરસાદથી ચોતરફ પાણીના પૂર આવ્યા હતા. વિલિંગ્ડન, આણંદપુર, હસનાપુર, નરસિંહ તળાવ સહિતના જળાશયો ઓવરફ્લો થયા છે. વહીવટીતંત્રએ ભારે વરસાદના પગલે દામોદાર કુંડ , વિલિંગ્ડન ડેમ પર જવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. રાજકોટ જિલ્લામાં લોધિકામાં ૧૮ કલાકમાં ૨૩ ઈંચ ધોધમાર વરસાદથી માર્ગો પર પૂરના પાણી ફરી વળ્યા હતા. લોધિકા તાલુકાના ખીરસરા ,છાપરા પાસે રાજકોટ-કાલાવડ રોડ પર માર્ગો પર ધસમસતા પાણીમાંકારથી માંડીને કાલાવડ રોડ પર ટ્રક સહિતના અસંખ્ય વાહનો તણાયા હતા.

જિલ્લામાં કોટડાસાંગાણી તાલુકામાં ૧૦, ધોરાજી તાલુકામાં ૧૨ ઈંચ, ગોંડલમાં ૧૦, ઉપલેટા ૮ ઈંચ, જામકડોરણા ૬ ઈંચ, જેતપુરમાં ૩ ઈંચ વરસાદથી સમગ્ર જિલ્લામાં રાજકોટનો ન્યારી-૧ ઉપરાંત ગોંડલનું વેરી તળાવ, ઉપલેટાનો મોજ ડેમ, પડધરી પાસે આજી-૩, ડોંડી, ખોડાપીપર સહિતના જળાશયો, વેણુ-૨ વગેરે ડેમો ઓવરફ્લો થયા છે. જિલ્લા તંત્ર દ્વારા અલંગથી પાંચ બોટઅને ૧૫ તરવૈયાઓની ટીમ રાજકોટ શહેર અને ધોરાજીમાં મોકલાઈ હતી. રાજકોટમાં ૧૩૫૫, ગોંડલમાં ૨૫૦ સહિત જિલ્લામાં ૩ હજારથી વધુ લોકોનું સૃથળાંતર કરાયું હતું. ત્રણ માસથી મેઘરાજાનો ઈંતજાર કરતા સૌરાષ્ટ્રવાસીઓ પર આજે એક દિવસમાં જ મેઘરાજાએ વિજળીના કડાકા-ભડાકા અને તીવ્ર પવન સાથે છપ્પર ફાડકે જળવર્ષા કરીને ધરતીને પાણી પાણી કરી દીધી હતી. રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લામાં ૪થી ૨૩ ઈંચ સુધી અતિ ભારે ધોધમાર વરસાદ વરસ્યો હતો તો અન્ય જિલ્લાઓમાં પણ ૧થી ૪ ઈંચ મેઘવર્ષા થઈ છે. સાંજે પણ વરસાદનું જોર યથાવત્ રહ્યું છે. વરસાદના પગલે સૌરાષ્ટ્રમાં ઠેરઠેર માર્ગ વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો, એસ.ટી.-રેલવે વ્યવહાર પણ ખોરવાયો છે. રાજકોટ અને જામજોધપુર પંથકમાં ૩ મોટરકારો તણાતા ૩ વ્યક્તિઓના મોત નીપજ્યાનું અને ૨ લાપત્તા બન્યાનું જાહેર થયું છે. સેંકડો લોકો પૂરમાં ફસાતા ફાયરબ્રિગેડ, એન.ડી.આર.એફ., એરફોર્સ તથા સૃથાનિક લોકોની મદદથી બચાવ કાર્ય હાથ ધરાયું હતું જે આજે રાત્રિના પણ જારી રહ્યું હતું. ધોધમાર વરસાદથી રાજકોટ, જામનગર, જુનાગઢ શહેર તથા નાના-મોટા ગામો,શહેરોનો પાણી પ્રશ્ન અને સિંચાઈનો પ્રશ્ન પણ હળવો થયો છે.


વરસાદના પગલે રાજકોટ જામનગર, જેતપુર, કાલાવડ રોડ સહિત અનેક મુખ્યમાર્ગો અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. રાજકોટ,ગોંડલમાં ૧૭૦૦ સહિત હજારો લોકોનું સૃથળાંતર કરાયું હતું.

જામજોધપુર તાલુકાના સમાણા ગામે કોઝવે પરથી પસાર થતી કાર લઈને ખરીદી માટે જઈ રહેલા દંપત્તિ કાર સાથે પાણીમાં તણાતા મોત નીપજ્યાનું સૂત્રોએ જણાવ્યું છે. જયારે રાજકોટના કાલાવડ રોડ પર છાપરા ગામ પાસે કારખાને જઈ રહેલા કિશનભાઈ જમનાદાસ (રહે. યુનિ.રોડ તથા શ્યામગીરી મહેશગીરી અને સંજય ડાયાભાઈ બોરીચા નામના બે ડ્રાઈવર સાથે પોતાના પેલીકન કારખાને જઈ રહ્યા હતા ત્યારે ડોન્ડી નદીના પુલ પરથી આઈ-૧૦ કાર પૂલ પાસે પૂરમાં તણાતા એકને બચાવી લેવાયેલ છે જયારે કારખાનેદાર સહિત બે વ્યક્તિ અને કારનો રાત્રી સુધી પત્તો લાગ્યો નથી. જયારે રાજકોટ તાલુકાના ન્યારા ગામે રહેતા મણીબેન ગમારા નામના મહિલા કાગદડી ગામ પાસે કાર પાણીમાં તણાતા મૃત્યુ નીપજ્યાનું જાહેર થયું છે. જયારે રાજકોટ નજીકના છાપરા,ખીરસરા ગામ પાસે પેલીકન નામના કારખાનેદારની આઈ-૧૦ કાર પાણીના પૂરમાં તણાતા તેના વિડીયો વાયરલ થયા હતા. ફાયરબ્રિગેડ સૂત્રો અનુસાર એક વ્યક્તિને બચાવી લેવાઈ છે જયારે અન્ય બેની આજે રાત્રિ સુધી હજુ પત્તો લાગ્યો નથી. જામનગર, જામજોધપુર અને કાલાવડના પચીસેક ગામોમાં બારે મેઘ ખાંગા થઈને ૨૨થી ૨૫ ઈંચ વરસાદ વરસી ગયાનું ગ્રામજનોએ જણાવ્યું છે.

### પોલીસ સઘન નાઈટ પેટ્રોલિંગની માંગ

# ભિલોડા : સ્ટેટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન,ચોમાસામાં ચોરીઓ નો ઉપદ્રવ વધ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ




ચોમાસાની સિઝન દરમ્યાન સાર્વત્રિક મેધમહેર દરમ્યાન અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ પંચાયત કચેરી હસ્તક ની ઠેર ઠેર સ્ટેટ લાઈટો છેલ્લા ઘણા સમય થી શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ રહી છે.ચોરીઓ નો ઉપદ્રવ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે.

ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં ઠેર ઠેર સ્ટેટ લાઈટો શોભાના ગાંઠિયા સમાન બંધ અવસ્થામાં હોય ખાણી - પીણીની લારીઓ વાળા નાના - નાના વેપારીઓ રાત્રી દરમ્યાન અંધારામાં હેરાન પરેશાન થઈ રહ્યા છે.રાત્રે અંધારામાં મહિલાઓ અને રાહદારીઓ પણ ભારે મુંઝવણમાં મુકાઈ રહ્યા છે.જાગૃત વેપારીઓ અને પ્રજાજનો દ્વારા વારંવાર ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં સરપંચ અને તલાટી કમ મંત્રીને લેખિત, મૌખિક ન્યાયિક રીતે ધારદાર રજુઆતો કરવા છતાં તેઓના પેટનું પાણી હલતું નથી ? વહીવટ જાણે કે ખાડે ગયો હોય તેવો ધાટ ધડાયો છે તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

રાત્રી દરમ્યાન સ્ટેટ લાઈટો બંધ અવસ્થામાં હોય અંધારપટ નો અજાણ્યા તસ્કરોએ લાભ ઉઠાવી ભિલોડામાં હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ રત્નકેશર બિલ્ડીંગ મટીરીયલ્સ અને વિનાયક બિલ્ડીંગ મટીરીયલ્સ નામ ની બે દુકાનોમાં મધ્ય રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા.દુકાનનો સામાન વેર વિખેર કરી નાખ્યો હતો.કેશ કાઉન્ટરમાંથી અંદાજીત રૂપિયા ૩૦,૦૦૦/- થી ૪૦,૦૦૦/- રોકડા રૂપિયા ચોરાઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.ચોરીના બનાવ સંદર્ભે દુકાનદારે પોલીસ ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી છે.પોલીસે સી.સી.ટી.વી ફૂટેજના આધારે ચોરીના બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

# ભુપેન્દ્ર પટેલ નવા મુખ્યમંત્રીના મંત્રીમંડળમાં યુવાઓને પ્રાધાન્ય મળે તેવી શક્યતાઓ

અમદાવાદ , તા.૦૧૪



ભૂપેન્દ્ર પટેલની નવી ટીમમાં ૨૦થી વધુ મંત્રીઓને સામેલ કરી નવુ પ્રધાનમંડળ રચાશે તેવુ જાણવા મળ્યુ છે. આગામી વિધાનસભાની ચૂંટણીને લક્ષમાં રાખીને તમામ જ્ઞાતિ-સમાજને રાજકીય પ્રતિનિધીત્વ મળે તે આધારે મંત્રીમંડળ રચાશે.ટૂંકમાં નવા મંત્રીમંડળની રચનામાં આનંદીબેન પટેલ જૂથનો હાથ ઉપર રહેશે તેવી ચર્ચાએ જોર પકડયુ છે. કેબિનેટના સભ્યોની પસંદગી કરવા માટે આવતીકાલે મુખ્યમંત્રીના નિવાસસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કેબિનેટના સભ્યો નક્કી કરાશે. આ યાદી તૈયાર થતા પછી હાઈમાન્ડના માર્ગદર્શન પ્રમાણે મંત્રીમંડળના સભ્યોની શપથવિધિ માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનો સમય માગવામાં આવશે.ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યા બાદ નવા પ્રધાનમંડળની રચના માટેરાજકીય કવાયત તેજ બની છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના આગમન બાદ ભૂપેન્દ્ર પટેલની ટીમમાં કોનો સમાવેશ થશે અને કોનુ પત્તુ કપાશે તેવી રાજકીય અટકળોએ જોર પકડયુ છે. મંત્રીમંડળની રચનાને લઈને હવે કેન્દ્રીય નીરીક્ષકો અને પ્રદેશના નેતાઓએ વચ્ચે મંત્રણાનો દોર પણ શરૂ થઈ ચૂક્યો છે. સૂત્રોના મતે, નવા મંત્રીમંડળમાં યુવાઓને તક અપાશે. એટલુ જ નહીં, ૬૦ ટકા નવા ચહેરા હશે. બે-ત્રણ દિવસમાં કેબિનેટ કક્ષાના મંત્રીઓની શપથવિધી યોજાય તેવા નિર્દેશ મળી રહ્યાં છે. નવા મંત્રીમંડળમાં કોનો સમાવેશ કરવો અને કોને પડતા મૂકવા તે અંગે કવાયત શરૂ થઈ છે. ભાજપના ટોચના સૂત્રોના મતે, યુપી ફોર્મ્યુલા ગુજરાતમાં અપનાવવામાં આવશે નહીં. બે નાયબ મુખ્યમંત્રી બનાવવામાં નહી આવે. આ માત્ર રાજકીય અફવા પુરવાર થશે. વિજય રૂપાણી સરકારમાં નબળી કામગીરી કરનારાં પાંચ- છ સિનિયર મંત્રીઓને પડતા મૂકવામાં આવે તેમ છે. કેટલાંક મંત્રીઓ અમુક વિવાદોમાં સપડાયાં છે જેના કારણે પક્ષ-સરકારની પ્રતિષ્ઠા ખરડાઈ છે જેના કારણે તેમનુ પત્તુ કપાઈ શકે છે. જયારે સંગઠન સાથે તાલમેલ સાધી અને પ્રજાલક્ષી કામો કરી સારૂ પરર્ફોમન્સ કરનારાં મંત્રીઓને કેબિનેટમાં સૃથાન મળી શકે છે. એવી ય ગણતરી છેકે, મુખ્યમંત્રી તરીકેની ખુરશી પર બેસવાની તક ગુમાવનારા નિતિન પટેલને કેબિનેટ મંત્રીની ઓફર કરાય તેમ છે પણ તેઓ સ્વિકારશે કે કેમ તે અંગે ભાજપના નેતાઓને શંકા છે. નીતિન પટેલને સરકાર આૃથવા સંગઠનમાં શું જવાબદારી આપવી તે અંગે હજુ અનિશ્ચિતતા પ્રવર્તી રહીછે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રિસંહ ચુડાસમાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી શકે છે. વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી નવા મંત્રીમંડળમાં સામેલ થાય તેવી પૂરેપુરી શક્યતા જોવાઈ રહી છે.

# પાટનગરમાં વરલી મટકાના જુગારધામ પર એલસીબી દ્વારા રેડ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના ચરેડી ચાર રસ્તા પાસે છેલ્લા ઘણા સમયથી ચાલતાં દિલાવર પાન પાર્લર પાસે લીબડાના ઝાડ નીચે ચાલતા વરલી મટકાંનાં જુગાર ધામ પર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે એચ સિંધવના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસોએ પૂર્વ બાતમીના આધારે દરોડો પાડયો હતો. જયાં એક ઈસમ મોબાઈલ ફોન પર આંકડા લખી રહ્યો હતો. અને તેના પગ પાસે ત્રણ ડાયરીઓ મળી આવી હતી. જેનાં પગલે ક્રાઈમ બ્રાંચની ટીમે પકડાયેલ ઈસમની પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ વિજયસિંહ કલ્યાણસિંહ વાઘેલા (રહે. ગોપાલનગર સોસાયટી, પેથાપુર) હોવાની કબૂલાત કરી હતી. જેની પાસેથી મળી આવેલી ત્રણ ડાયરીઓની પોલીસે ચકાસણી કરતાં અંદર કોડવર્ડથી બાદશાહ અને જયપાલ જેવા નામો લખેલા અને તેની સામે વરલીના આંકડા લખેલા હતા. આ અંગે એલસીબી પીઆઈ જે એચ સિંધવે જણાવ્યું હતું કે, પકડાયેલા વિજયસિંહ વાઘેલા પોર ગામના પોપટજી ઠાકોરને વરલીના આંકડા આગળ લખાવી કમિશન ખાતો હતો. અને ડાયરીમાં અલગ અલગ ગ્રાહકોના નામો કોડવર્ડથી લખાવામાં આવેલા છે. જેની પાસેથી રૂ. ૩૪ હજાર ૫૯૦ રોકડા, મોબાઈલ ફોન તેમજ વરલી નું સાહિત્ય મળીને કુલ રૂ. ૩૯ હજાર ૫૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

# તલાટીઓના પ્રશ્નો અંગે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવા છતાં ઉકેલ ન મળતા રોષ

ગાંધીનગર, તા.૧૪

રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષકોની જેમ તલાટીઓને પણ ફિક્સ પગારની નોકરીને સળંગ ગણીને લાભ આપવાની માંગણી કરી છે. સળંગ નોકરીનો લાભ નહી મળવાથી ઉચ્ચત્તર પગારધોરણ સહિતના લાભો મોડા મળવાથી તલાટીઓને આર્થિક નુકશાન થઈ રહ્યું છે. તલાટીઓને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવાને બદલે અલગ અલગ ભૂલો કાઢીને નામંજુર કરવામાં આવી રહ્યા છે. આથી ઉચ્ચત્તર પગાર ધોરણ માટેના નિયમો નક્કી કરીને મંજુર કરવા માંગણી કરી છે. તલાટીઓને વિસ્તરણ અધિકારી તરીકે વિસ્તરણ અધિકારી આંકડા અને વિસ્તરણ અધિકારી સહકારમાં પ્રમોશન આપવાની માંગણી કરી છે. રેવન્યુ (મહેસુલી) અને પંચાયત તલાટી મંત્રીઓને મર્જ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ફાળવેલા સેજાની અટકી પડેલી કામગીરીને સરળ બને તેવી માંગણી કરી છે. ૨૦૦૬માં ભરતી થયેલા તલાટી કમ મંત્રીઓને સળંગ નોકરી ગણીને તેઓને નિયત પગારધોરણમાં નિમણૂંક આપવાની માંગણી કરી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે ભારે વરસાદ થી સૌથી વધુ અસર પામેલા જામનગરના ધુંવાવ ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે વાતચીત કરી વરસાદ થી તેમને થયેલા નુકશાન ની વિગતો ગ્રામજનો સાથે સંવેદના પૂર્વક પ્રત્યક્ષ સાંભળીને મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રી એ આ અસરગ્રસ્તો ને રાજ્ય સરકાર દ્વારા મળવા પાત્ર તમામ મદદ સહાય ની ખાતરી આપતા કહ્યું કે કોઈ અસરગ્રસ્ત સહાય થી વંચિત ન રહી જાય અને અગાઉ કરતા પણ તે સૌ નું જીવન બહેતર બને તે માટે સરકાર પ્રયત્નશીલ રહેશે.

મુખ્યમંત્રીશ્રી સાથે જામનગર ના સાંસદ પૂનમ બહેન,પૂર્વ મંત્રી હકુભા જાડેજા,ધારાસભ્ય રાઘવજી પટેલ,મેયર તેમજ અન્ય પદાધિકારીઓ,મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, કમિશનર વિજય ખરાડી,કલેકટર સૌરભ પારઘી વગેરે પણ જોડાયા હતા.

### પાર્ટીએ સસ્પેન્ડ કર્યા,કોર્પોરેટરનું રાજીનામુ

# મોડાસા : AIMIM ના કોર્પોરેટર અને વિરોધપક્ષના નેતા રફીક શેખને રંગરેલીયા મનાવવા ભારે પડ્યા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લા ના મોડાસામાં એક કોર્પોરેટર ને લોકો દ્વારા કથીત રંગ રલીયા મનાવતો રંગે હાથે ઝડપી પાડતા રાજકારણ માં ગરમાવો આવી ગયો છે.. એમ.આઈ.એમ ના મોડાસા પ્રમુખ ગુલામ એહમદ ખેરાડાએ કોર્પોરેટર રફીક શેખ ને તેના કથીત કૃત્ય બદલ પક્ષમાં થી તાતત્કાલીક ધોરણે સસ્પેન્ડ કરી દેતા કોર્પોરેટર ના રાજકીય ભવિષ્ય પર જાણે હાલ પૂરતું પૂર્ણ વીરામ મુકાય ગયું છે.

બનાવની વિગત પ્રાપ્ત માહિતી અનુસાર એવી છે કે રવિવાર ની રાત્રી ના સમયે કોર્પોરેટર રફીક શેખ ઘાંચી વાડા મસ્જિદ પાછળ રહેતી એક સ્ત્રી ના મકાનમાં કથિત રંગરલીયા મનાવવા ઘૂસ્યો હતો. જોકે છેલ્લા ત્રણ દિવસ થી તાક માં બેઠાલા કેટલાક લોકોએ જેવો રફીક શેખ અંદર ગયો કે તરત જ બહાર થી દરવાજો બંધ કરી દીધો અને હોબાળો કરતા મોટી સંખ્યા માં લોકો એકઠા થયા હતા. ત્યારબાદ રફીક શેખ ને સ્ત્રીના ઘરમાં થી બહાર કાઢી મેથીપાક ચખાડ્યો હતો.

ઘટના ની જાણ થતાં એમ.આઈ.એમ ના પ્રમુખ ગુલામ એહમદ ખેરાડા એ ઘટના સ્થળે પહોંચી રફીક પાસેથી પક્ષ માં થી રાજીનામુ લખાવી લીધું હતું. ત્યારબાદ સોમવારે પક્ષ ના હોદ્દેદારોની મિટિંગ માં રફીક ને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનો પત્ર પાલિકા ચીફ ઓફીસર તેમજ જિલ્લા કલેકટર ને રવાના કર્યા છે

# મારા પિતાએ અઘરા પગલા લીધા છે : વિજય રૂપાણીના દિકરી રાધિકા દ્વારા પોસ્ટ



ગાંધીનગર , તા.૧૪

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની પુત્રી રાધિકાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨ માં સ્વામી નારાયણ અક્ષરધામ મંદિર પર થયેલા આતંકવાદી હુમલા દરમિયાન મારા પિતા પ્રથમ વ્યક્તિ હતા જે સ્થળ પર પહોંચ્યા હતા, તેઓ પીએમ નરેન્દ્ર મોદી પહેલા પણ મંદિર પરિસરમાં પહોંચ્યા હતા. રાધિકાએ કહ્યું કે તેમના પિતા ૨૦૦૧ ના ભૂકંપ દરમિયાન ભચાઉમાં બચાવ અને પુનર્વસન કાર્ય કરી રહ્યા હતા અને ભૂકંપને સમજવા માટે તેણી અને તેના ભાઈ રિષભને કચ્છ લઈ ગયા હતા. રાધિકાએ આગળ લખ્યું કે જ્યારે અમે બાળકો હતા ત્યારે મારા પિતા અમને રવિવારે ફિલ્મ થિયેટરમાં લઈ જતા નહોતા પરંતુ તેઓ ભાજપના કાર્યકરોના ઘરે જતા હતા.

રાધિકાએ કહ્યું કે મારા પિતાએ પણ ઘણા અઘરા પગલા લીધા છે. લેન્ડ ગ્રેબિંગ એક્ટ, લવ જેહાદ, ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરિઝમ અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજકેટકો) જેવા ચુકાદાઓ આનો પુરાવો છે. હું પૂછવા માંગુ છું કે કઠોર ચહેરાના હાવભાવ પહેરવા એ નેતાની નિશાની છે? તેમને વધુમાં લખ્યું છે કે, પણ હંમેશા પપ્પાએ એક જ વાત કરી છે કે પોલીટીક્સ અને નેતાની ઈમેજ ભારતીય ફિલ્મો અને જૂની ધારણાઓથી ગુંડા અને સ્વછંદી લોકો જેવી બનાવી દેવામા આવી છે, આપણે એ જ દૃષ્ટિ બદલવાની છે. પપ્પાએ ક્યારેય જૂથબંધી કે કાવાદાવાને સમર્થન આપ્યુ નથી. એ જ એમની ખાસીયત છે. જે કોઈ રાજકીય વિશેષજ્ઞ વિચારતા હોય કે વિજયભાઈનો કાર્યકાળ સમાપ્ત. અમારા મતે ન્યુસન્સ અને પ્રતિકાર કરતા RSS અને BJPના સિધ્ધાંતો પ્રમાણે સરળતાથી સતાના લોભ વગર પદ છોડવું તે અન્ય કઈ પણ કરતા વધુ હિંમતવાન છેપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની પુત્રી રાધિકાએ રવિવારે તેના ફેસબુક પેજ પર તેમના પિતાના સંઘર્ષને વર્ણવતા એક લાગણીસભર પોસ્ટ લખી હતી. આ પોસ્ટ દ્વારા, વિજય રૂપાણીની દીકરી રાધિકાએ તે તમામ લોકો પર કટાક્ષ કર્યો છે જેમણે તેમના નિષ્ફળતાનું કારણ તેમના પિતાની નરમ બોલતી છબીને જવાબદાર ગણાવી હતી. રાધિકાએ લખ્યું કે શું રાજકારણીઓમાં સંવેદનશીલતા ન હોવી જોઈએ? શું આ એક આવશ્યક ગુણવત્તા નથી જે આપણને નેતામાં જોઈએ છે? શું નેતાઓ તેમની નરમ બોલતી છબી દ્વારા લોકોની સેવા કરતા નથી? રાધિકાએ લખ્યું કે મારા પિતાનો સંઘર્ષ વર્ષ ૧૯૭૯ માં શરૂ થયો હતો. તે સમય દરમિયાન તેમણે મોરબી પૂર, અમરેલીમાં વાદળ ફાટવાની ઘટના, કચ્છમાં ભૂકંપ, સ્વામિનારાયણ મંદિર પર આતંકવાદી હુમલો, ગોધરાની ઘટના, બનાસકાંઠા પૂર દરમિયાન પોતાનો જીવ જોખમમાં મૂકીને લોકોની સેવા કરી હતી. એટલું જ નહી, મારા પિતા તાઉતે વાવાઝોડું અને કોવિડ દરમિયાન પણ મન લગાવીને કામ કરી રહ્યા હતા. તેમને આ પોસ્ટમાં વધુમાં લખ્યું છે કે, આજે પણ મને યાદ છે કે, કચ્છના ભૂકંપ વખતે મારા ભાઈ ૠષભને સ્કુલના સભ્ય સાથે ઘરભેગો કરી એ પોતે રાજકોટમાં ભૂકંપની અસર અને મદદ કરવા નીકળી ગયા હતા. પોતાના ભત્રીજાના લગ્નને સેકન્ડ પ્રાયોરીટી માનીને ભૂકંપના બીજા દિવસે ભચાઉની ઇચાર્જ તરીકેની જવાબદારી સ્વીકારી હતી. મને અને મારા ભાઈને એક એક દિવસ સાથે લઈ જઈ ભૂકંપની વાસ્તવિકતા સમજાવી હતી અને અમને રાહતફંડમાં લોકો સાથે બેસાડીને જમાડ્યા હતા.

# માણાવદરમાં નવાબી કાળની સો વર્ષ જૂની હવેલી ઉતારો નામની બિલ્ડીંગનો એક ભાગ ધરાશાયી



માણાવદરમાં પટેલ ચોક વિસ્તારમાં પટેલ સમાજ પાછળ આવેલી અને ૧૯૦૧ માં નવાબ ફતેહદિનખાનજી બાબી દ્વારા નિર્માણ કરાયેલી ઉતારા હવેલી નામની વિશાળ બિલ્ડીંગનો આજરોજ વરસાદને કારણે આગળનો એક ભાગ ધરાશાયી થઈ ગયો છે.આ બિલ્ડિંગ આવી છે ત્યાં જાહેર હલનચલન માટેનો નાનો રસ્તો છે આથી અહીંના રસ્તેથી લોકોની અવરજવર થઈ રહી છે આ અકસ્માતને કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી પરંતુ ભવિષ્યમાં આ જોખમી બિલ્ડીંગનો માળ ઉતારી લેવામાં નહીં આવે તો મોટી દુર્ઘટના સર્જાવાની દહેશત એ વિસ્તારમાં રહેતા લોકો સેવી રહ્યા છે. આ બિલ્ડિંગમાં બહારથી આવતા રાજા- નવાબો અને મહેમાનોને ઉતારો અપાતો હતો સને.૧૯૨૫-૧૯૩૫ ના સમયમાં દેશભરના પહેલવાનો આ બિલ્ડિંગમાં ઉતર્યા હતા જેમાં ગામમાં પહેલવાન પણ આવ્યો હતો ને માણાવદરમાં પહેલવાનોની કુસ્તી યોજાઈ હતી એ સમયે ગયો પણ લોકશાહી શાસનમાં આવા સ્મૃતિ ચિન્હનો તરફ સરકાર ધ્યાન ન આપતી હોવાથી તેની દશા જર્જરિત થઈ રહી છે.વાવાઝોડા વરસાદને કારણે આવી ઘણી બિલ્ડિંગો પડી જાય તેવી સ્થિતિમાં ઉભી છે આ અંગે નગરપાલિકા કોઈ નિર્ણય લે અને તેની મરામતો કરાવે એ ઈચ્છનીય છે

તસવીર - અહેવાલ- જીગ્નેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.